જિંદગી તો છે કિમતી અમાનત,
રાખો વીજ અકસ્માતથી કાયમ સલામત

# વીજ સલામતી

## અકસ્માતોના અવલોકનો અને નિરાકરણો

### વર્ષ ૨૦૨૧-૨૦૨૨




સાતત્યપૂર્ણ, વિશ્વસનીય અને ગુણવત્તાસભર વીજ પુરવઠો પૂરો પાડવા સમર્પિત...

**ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ**

**મહેસાણા**

CIN- U40102GJ2003SGC042906

**માર્ગદર્શક :**

શ્રી પ્રભવ જોશી, આઈએએસ,
મેનેજિંગ ડિરેક્ટર, ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

**પ્રસ્તૃત કર્તા :**

શ્રી જે. કે. દરજી, મુખ્ય ઇજનેર (ઓપરેશન)
શ્રી કે.એસ. ભગોરા, અધિક્ષક ઇજનેર (સલામતી વિભાગ)
શ્રી એમ. આઈ. પટેલ, નાયબ ઇજનેર (સલામતી વિભાગ)
શ્રી એ.એસ. રાવલ, જુનિયર ઇજનેર (સલામતી વિભાગ)
સલામતી વિભાગ, યુજીવીસીએલ આર.ઓ., મહેસાણા

**સંપાદન :**

શ્રી શૈલેશ એ. નાયક, ઇન્ચાર્જ મેનેજર (સીસી)

**પ્રૂફરીડિંગ :**

જ્યોત્સનાબહેન રાઠોડ, નાયબ અધિક્ષક (વહિવટ), કડી વિભાગીય કચેરી

**સંકલન અને સર્જન :**

આલેખન (www.aalekhan.com)

**પ્રકાશક :**

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ,
રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસ વિસનગર રોડ, મહેસાણા-૩૮૪ ૦૦૧
CIN- U40102GJ2003SGC042906

**પ્રકાશન વર્ષ :**

૨૦૨૨

# સંદેશ



*“ધીરજવાન મનુષ્ય ગમે તેટલી વિપત્તિ આવવા છતાંય અધીરો નથી બનતો.*
*બાવરું મન ઉતાવળું બનીને હાથમાં આવેલા અવસરને ટાળી દે છે..”*

**– અયોધ્યાસિંહ ઉપાધ્યાય**

**પ્રિય કર્મચારી મિત્રો,**

વીજ વિતરણ, વીજ ઉત્પાદન અને વીજ વિતરણની સુદ્રઢ વ્યવસ્થાને લીધે ગુજરાત રાજ્ય સમગ્ર ભારતમાં અગ્રેસર સ્થાન શોભાવી રહેલ છે. ઊર્જાક્ષેત્ર ગુજરાતના વિકાસનું ‘ગ્રોથ એન્જિન’ છે.

ગુજરાતમાં ઊર્જાક્ષેત્રે આમૂલ પરિવર્તન કરવામાં આવ્યું છે જેને લીધે આર્થિક વિકાસ થઈ રહ્યો છે. વીજળીની માગમાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે. જેને લીધે વીજ વિતરણક્ષેત્રે અગ્રગણ્ય વીજ કંપની તરીકે આપણા ૩૮ લાખથી વધુ ગ્રાહકો પ્રત્યેનું દાયિત્વ વધી રહ્યું છે. માનવંતા ગ્રાહકોની અપેક્ષાઓ પણ એટલી જ વધી છે જેથી આપણા કાર્યવિસ્તારમાં વિના વિક્ષેપે વીજ વિતરણ થાય, ગ્રાહકોની ફરિયાદોમાં ઘટાડો થાય, કંપની પ્રત્યેનો માનવંતા ગ્રાહકોનો વિશ્વાસ વધે તે માટે આપણે સૌ પૂરી પ્રતિબદ્ધતા સાથે કામ કરી રહ્યા છીએ.

વારંવાર એવું પ્રતિપાદિત થયેલ છે કે કામ કરતી વખતે વધુ પડતો આત્મવિશ્વાસ, ઉતાવળ, સલામતીના સાધનોની અવગણના, સલામતીના નિયમોનું ચુસ્ત પાલન કરવામાં લાપરવાહી વગેરે વીજ અકસ્માત માટેના મહત્ત્વના કારણો છે. આપ સર્વે ખૂબ સારું કામ કરો છો, કંપનીની અમૂલ્ય અસ્ક્યામત અને અવિભાજ્ય અંગ છો, પણ વીજ વિતરણની કામગીરી કરતી વખતે સાવચેતી ન રાખવાના લીધે વીજ અકસ્માત થાય છે જે ક્યારેક

જીવલેણ પણ બની શકે છે. કંપનીને અને આપના પરિવારને ન પુરાય તેવી ખોટ પડે છે. જેનાથી અમો વ્યથિત છીએ, વેદના થાય છે.

આપ સૌનું જીવન અમૂલ્ય છે. સંસ્થાના અસ્તિત્વથી લઈને અત્યાર સુધી વીજ અકસ્માત નિવારણ માટે વ્યવસ્થિત પ્રયત્નો કરવામાં આવ્યા છે. જેવા કે, વીજ અકસ્માત નિવારણ અંગેના તાલીમ કાર્યક્રમો, માર્ગદર્શક પુસ્તિકાઓ, ચોપાનીયા, દસ્તાવેજી ફિલ્મો, વીજ સલામતીનાં સાધનોના અસરકારક ઉપયોગ અંગે માર્ગદર્શન, પરિવાર સહિતના મેળાવડાના આયોજન જેવા પ્રયાસો કરવામાં આવે છે. આ ઉપરાંત પણ વધુમાં વધુ અકસ્માત નિવારી શકાય તે દિશામાં સતત પ્રયત્નો હાથ ધરવામાં આવી રહેલ છે. કંપની આપ સર્વેની સલામતી માટે કોઈ જ પ્રયત્ન ચૂકવા માગતી નથી. આપ સર્વે મનથી જાગૃત થશો તો મને વિશ્વાસ છે કે, આપણે અકસ્માત સદંતર નિવારી શકીશું.

ગત વર્ષે બનેલી અકસ્માત ઘટનાઓનું અવલોકન અને નિરાકરણ પ્રસ્તુત કરતી પુસ્તિકાની પ્રસ્તુતિ બાદ આ વર્ષે પણ વર્ષ દરમ્યાન બનેલી અકસ્માતની ઘટનાઓનું અવલોકન અને નિરાકણ ફરીવાર પ્રસ્તુત કરીને આપ સર્વેને જાગૃત કરવાનો પ્રયત્ન આગળ ધપાવી રહ્યા છીએ. આ પુસ્તિકામાં આપણા સાથી મિત્રો સાથે તેમજ માનવંતા ગ્રાહકો સાથે થયેલ અકસ્માતો પ્રસ્તુત કરવામાં આવ્યા છે. આશા રાખું છું કે, ધ્યાનથી વાંચીને સત્ય ઘટનાઓમાંથી બોધપાઠ લઈને પુનરાવર્તન ન થાય તે માટે સંપૂર્ણ વિશ્વાસ સાથે જાગૃત થવા આહવાન આપુ છું.

વીજ અકસ્માત નિવારણ માટેના નિયમોનું ચુસ્તપણે પાલન કરવા તેમજ વીજ સલામતીના સાધનોનો ઉપયોગ કરવા અનુરોધ કરું છું.

આ પુસ્તિકા દ્વારા વીજ વિતરણ કામગીરી સાથે સંકળાયેલ કર્મચારીઓ અને માનવંતા ગ્રાહકોને જાગૃત કરવાના સલામતી વિભાગના પ્રયાસોની હું સરાહના કરું છું અને વીજ અકસ્માત નિવારવાની કામગીરીને વેગ મળશે તેવો વિશ્વાસ રાખું છું.

આપ સૌની સલામતી માટે હર હંમેશ ચિંતિત...



**પ્રભવ જોશી,** આઈએએસ,

મેનેજિંગ ડિરેક્ટર, યુજીવીસીએલ




# વીજ કર્મચારીઓ માટે

# પ્રાણઘાતક અકસ્માતોના

# અવલોકનો અને નિરાકરણો...

# અકસ્માત - ૧



**અકસ્માત થનાર વ્યક્તિનું નામ :** ખરાડી હંસાભાઇ ભોમાભાઇ
**હોદ્દો :** ઈલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ
**અકસ્માતનો પ્રકાર :** પ્રાણઘાતક, **ગામ :** આવલ
**અકસ્માતની તારીખ :** ૨૭/૧૦/૨૦૨૧
**સબ ડિવિઝન :** ઈકબાલગઢ
**ડિવિઝન :** પાલનપુર – ૨
**સર્કલ :** પાલનપુર
**અકસ્માત થયેલ માળખાની વિગત :** એલ.ટી. લાઇન

## ■ અકસ્માત બનવાની વિગત અને કારણ

સદર અકસ્માત તા. ૨૭/૧૦/૨૦૨૧ના રોજ આશરે બપોરે ૧૩:૩૦ કલાકે આવલ ગામમાં ખેતીવાડી વીજલાઇનના ડી.પી.પાસેના એક ગાળામાં ઝાડ પડવાથી ત્રણ વાયર અને આગળના એક ગાળાનો એક વાયર તૂટેલ હતો તે ફરિયાદ દૂર કરવા માટે એલ.ટી. લાઇન કાપી શ્રી જે.ડી. દામાના સુપરવિઝનમાં શ્રી એચ.બી.ખરાડીએ જે થાંભલેથી એક વાયર તૂટેલ હતો તેના પર ચઢીને એલ.ટી. વાયર તૂટેલ હતો તે પ્રથમ સાંધેલ.


ત્યારબાદ આ થાંભલાનો ઉપરનો એલ.ટી વાયર કે જેના બીજા ગાળામાં ૧૧ કેવી અમીરગઢ જે.જી.વાય. ફિડરનું ક્રોસિંગ હોવાથી ઢીલો રાખેલ હતો તે વાયર તેઓએ ભૂલથી ખેચવા માટે રસ્સો બાંધેલ અને આ વાયર પકડી રાખીને નીચે રહેલા શ્રી બી.પી. ડુંગાસિયાને રસ્સો ખેંચવા માટે કહેલ જેથી રસ્સો ખેંચતાની સાથે આ એલ.ટી. લાઇનનો વાયર ઉપરથી પસાર થતાં ૧૧ કેવી અમીરગઢ જે.જી.વાય ફિડરની ચાલુ વીજ લાઇનને અડી ગયેલ જેથી શ્રી ખરાડી હંસાભાઇ ભોમાભાઇને પ્રાણઘાતક વીજ અકસ્માત થયેલ.

**આપની સુરક્ષા એટલે સૌની સુરક્ષા**



સલામતીનું બીજું નામ છે સુરક્ષા,
સુરક્ષા એટલે સ્વની રક્ષા.

તેના માટે જરૂરી છે નિયમોનું
પાલન, કાળજી અને સતર્કતા.



## અકસ્માત નિવારણ માટેના ઉપાયો


વીજ કર્મચારી સલામતીના નિયમોનું ચુસ્તપણે પાલન કરીને તથા કામ કર્યા પહેલા લાઇન પેટ્રોલીંગ તથા તમામ સ્ટાફ સાથે વિચાર-વિમર્શ કરી, ક્રોસિંગમાં આવતી લાઈનોની લાઇન ક્લિયર લઈ બન્ને બાજુ કાર્યક્ષમ અર્થિંગ કરી લાઇન કામની શરૂઆત કરે તો આવા ગંભીર પ્રાણઘાતક અકસ્માતને નિવારી શકાય.



ન અપનાવશો શોર્ટકટ,
નહીં તો જીવનનો વાયર થઈ જશે કટ

"લાઇન બંધ છે" એમ માની ન લેશો,
નહીં તો લાઇફલાઇન બંધ થઈ જશે

# અકસ્માત - ૨



**અકસ્માત  થનાર વ્યક્તિનું નામ :** પ્રકાશકુમાર લવજીભાઇ ઉમોટ
**હોદ્દો :** ઇલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ
**અકસ્માતનો પ્રકાર :** પ્રાણઘાતક
**ગામ :** જોખમનગર સોસાયટી, ડીસા
**અકસ્માતની તારીખ :** ૦૨/૦૯/૨૦૨૧
**સબ ડિવિઝન :** ડીસા શહેર
**ડિવિઝન :** ડીસા -૧
**સર્કલ :** પાલનપુર
**અકસ્માત થયેલ માળખાની વિગત :** એલ.ટી. લાઇન

## અકસ્માત બનવાની વિગત અને કારણ

સદર અકસ્માત તા. ૦૨.૦૯.૨૦૨૧ના રોજ શ્રી પ્રકાશકુમાર લવજીભાઇ ઉમોટ (ઈલે. આસી.), બીપીનકુમાર સોમાભાઇ પ્રજાપતિ (લાઈનમેન) અને શ્રી દિનેશચંદ્ર કલ્યાણભાઈ શ્રીમાળી (ઈલે. આસી.)ને  ડીસા શહેરમાં ગ્રાહકોની ફરિયાદ નિવારણ અંગેની કામગીરી સોંપેલ હતી.

સદર કામગીરી દરમ્યાન જોખમનગર વિસ્તારમાં ગ્રાહક નં. ૭૧૧૦૫૨૭૪૦૦૪થી વીજ જોડાણ ધરાવતા દેસાઇ જમુનાબેન અરજણભાઈના ઘરમાં વીજ પાવર ના હોવાથી ભાડુઆત જેણાભાઇ કરશનભાઇ રાવળે પાવર બંધની ફરિયાદ નોંધાવેલ.

સદર ફરિયાદ નિવારણ માટે ભોગ બનનાર કર્મચારી શ્રી પ્રકાશકુમાર લવજીભાઇ ઉમોટ ટ્રાન્સફોર્મર વીજ સપ્લાય બંધ કર્યા વગર એલ.ટી. પોલ પર ચડીને ફરીયાદ નિવારણ કરવા ગયેલ અને તે સમય દરમ્યાન તેમનો હાથ હળવા દબાણની લાઈનને અડી જતાં વીજ કરંટ લાગેલ અને શેફ્ટી

**શક્તિની ઉપાસના જેમ કરીએ,**
**વીજશક્તિનો પણ મહિમા કરીએ.**

**યુજીવીસીએલ છે દેશની અગ્રણી વીજ વિતરણ કંપની,**

**આવો એને વધુ કાર્યક્ષમ બનાવીએ**



બેલ્ટ ના પહેરેલ હોઈ પોલ પરથી પટકાયેલ હતા તેથી સાથી કર્મચારીઓએ તેમને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ, ડીસા ખાતે લઈ ગયેલ અને ફરજ ઉપરના ડોકટરે મૃત જાહેર કરેલ. આમ સદર પ્રાણઘાતક અકસ્માત થયેલ છે.

## અકસ્માત નિવારણ માટેના ઉપાયો

વીજ કર્મચારીઓ કોઈપણ નેટવર્કની કામગીરી કરવા માટે સલામતી સાધનોનો ઉપયોગ કરે તેમજ વીજ પાવર બંધ કરી જરૂરી બન્ને બાજુ કાર્યક્ષમ અર્થિંગ કરી કામ કરવામાં આવે તો આવા અકસ્માત નિવારી શકાય.



જવાબદારીનું જો રાખીએ ભાન,
ન ગુમાવીએ જીવન મૂલ્યવાન

**વીજળીનો ખોટો સ્પર્શ,**
**જીવન બની જાય નર્ક**

# અકસ્માત - ૩



**અકસ્માત  થનાર વ્યક્તિનું નામ :** દીનેશભાઈ ચંદુભાઈ ફડવલ
**હોદ્દો :** ઈલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ
**અકસ્માતનો પ્રકાર :** પ્રાણઘાતક
**ગામ :** સેદલા, **અકસ્માતની તારીખ :** ૧૫/૦૫/૨૦૨૧
**પેટા વિભાગીય કચેરી :** લાખણી
**વિભાગીય કચેરી :** ડીસા-૨, **વર્તુળ કચેરી :** પાલનપુર
**અકસ્માત થયેલ માળખાની વિગત :** ૧૧ કેવી રાજ એજી ફિડર

## અકસ્માત બનવાની વિગત અને કારણ

તા. ૧૫.૦૫.૨૦૨૧ ના રોજ થોડા દિવસ પહેલાં નવીન ૧૧કેવી રાજ એજી ફીડર ૬૬ કેવી જેતડા સબસ્ટેશનમાંથી ચાર્જ  કરેલ જે ફીડર પર આસોદર સબસ્ટેશનમાથી નીકળતાં ૧૧કેવી નાનોલ એજી ફીડરનો અને જેતડા સબસ્ટેશનમાથી નીકળતાં ૧૧કેવી યમુના એજી ફીડરનો લોડ સદર ફીડર પર લેવાં માટે ગયેલ. પરંતુ આસોદર સબસ્ટેશનમાથી નીકળતાં ૧૧કેવી નાનોલ એજી ફીડરના ડીઓ ઉતારી પાવર બંધ કરેલ જે ભોગ બનનાર કર્મચારી દ્વારા બન્ને ફીડર ભેગાં થતાં લોકેશન પર જંપર મારવા માટે ચઢેલ તેમજ સ્થળ પર સહકર્મચારી દ્વારા નીચેથી મદદ માટે હાજર હતાં.

સદર ફિડરના જંપર આપતાં કરંટ લાગેલ પ્રાણઘાતક અકસ્માત બનવા પામેલ. કામ કરતાં સ્થળ પર અર્થિંગ, લાઇન ક્લિયર, વીજ પુરવઠો બંધ કર્યાની ખરાઈ કર્યા વગર સ્થળ પર કામ ચાલું કરેલ જેથી સદર ઘટના બનેલ.

સદર અકસ્માત માટે સહકર્મચારીને જવાબદાર ગણી શકાય.

**ઉદ્યોગો વધે, વીજળીની માગ વધે,**
**યુજીવીસીએલમાં સૌનો વિશ્વાસ વધે.**

## અકસ્માત નિવારણ માટેના ઉપાયો

વીજકર્મીઓ દ્વારા કામગીરીના સ્થળે લાગુ પડતા તમામ ફિડરનો પાવર બંધ કરી લાઈન ક્લિયર પરમીટ મેળવીને જ કામગીરી હાથ ધરવામાં આવે તેમજ કામગીરી કરતી વખતે સ્થળ પર બન્ને બાજુ કાર્યક્ષમ અર્થિંગ કરવામાં આવે તેમજ સલામતીના સાધનોનો યોગ્ય ઉપયોગ કરવામાં આવે તો આ પ્રકારનો અકસ્માત નિવારી શકાય.



### કાવ્યધારા

*શું છે સલામતી?*
*કેમ જરૂરી છે એ?*
*કરે છે કામ કોણ ખરેખર?*
*ને મરે છે કોણ ખરેખર?*

*છે જરૂર જેને સ્વયં સમજવાની*
*પરવા નથી એને જાતની,*
*પરિવાર કાગડોળે રાહ જુએ*
*બચ્ચાની લાગણી સ્પર્શે ના એને.*

*છે ખબર બધાને બધી*
*જીંદગી ખતમ થવાની ક્યારેક,*
*કેમ વણ મોતે મરવું એને*
*સમજાતું નથી કોઈને,*

*ના કોઈ ડર, ના કોઈ ફિકર*
*સલામતીના સાધનો વિસરે સહુ કોઈ*
*જાણી જાણી અજાણ બને*
*દોષ બધો પછી બોસ પર ઢોળે,*

*શું નાનો શું મોટો ભેદ બધા જાણે*
*મોં સીવી બધા સીદને ચૂપ રહે!*
*કપાય જે ટુર એક તો*
*બધેય એ હો હલ્લા કરે,*

*જીવન ડોરની નથી એને પડી*
*પત્ની બાળકોની લાગણી નથી નડતી*
*મોતને હાથમાં લઈ એ સદાય ફરે*
*ગમે તે થાય પણ સલામતીના*
*સાધનો એ ના વાપરે,*

*જોઈ આવજો એક વાર એ પરિવાર*
*જેણે ગુમાવ્યો મોભી યાદ આવે વારંવાર*
*નથી કિંમત રૂપીયાની અહીં સદા*
*ચાહે તમને પરિવાર ચિંતા કરો*
*એમની વ્હાલા.*

***- શ્રી શૈલેષ એમ. યાદવ***
*નાયબ ઈજનેર, પ્રાંતિજ*

# અકસ્માત - ૪



**અકસ્માત થનાર વ્યક્તિનું નામ :** શ્રી કેયુરકુમાર ભગવાનદાસ પટેલ
**હોદો :** ઇલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ
**અકસ્માતનો પ્રકાર :** પ્રાણઘાતક
**ગામ :** દુધારામપુરા
**તારીખ :** ૨૬/૦૭/૨૦૨૧
**સબ ડિવિઝન :** પાટણ ગ્રામ્ય
**ડિવિઝન :** પાટણ
**સર્કલ :** મહેસાણા
**અકસ્માત થયેલ માળખાની વિગત :** એલ ટી પોલ

## અકસ્માત બનવાની વિગત અને કારણ

તા.૨૬/૭/૨૦૨૧ના રોજ દુધારામપુરા ગામે ઠાકોર અનુપજી રાવતાજી (ગ્રાહક નંબર-૨૮૪૦૯/૧૦૦૭૧/૭) ની વીજ વિક્ષેપ થવાથી શ્રી કેયુરકુમાર ભગવાનદાસ પટેલ દ્વારા વીજ જોડાણના સિંગલ ફેઝ-૨ વાયરની હળવા દબાણની લાઈનમાં એરિઅલ બંચ વાયરથી જોડાણની ચકાસણી કરતા વીજ જોડાણની સર્વિસ લાઈનનો ન્યુટ્રલ વાયર થાંભલાથી ઉતરતા છેડાથી અલગ થઇ ગયેલા. જે સર્વિસ વાયરની ફેઝ વાયરનું ઇન્સ્યુલેશન ખરાબ થઇ જતા અંદરનો એલ્યુમિનિયમ વાયરનો છેડો એરિઅલ બંચ કેબલના ફેઝ સાથે જોડાયેલા હતો. શ્રી કે.બી.પટેલ દ્વારા ન્યુટ્રલ વાયરનો ફોલ્ટ એટેન્ડ કરતા સમયે ભૂલથી તેમનો હાથ જીવંત ફેઝ વાયરને અડી જતા વીજ શોક લાગેલ અને થાંભલાથી પટકાઈ ને સદર પ્રાણઘાતક અકસ્માત થયેલ છે.

## અકસ્માત નિવારણ માટેના ઉપાયો

1. વીજ કર્મચારીઓએ કોઈપણ નેટવર્કની કામગીરી કરવા માટે સલામતી સાધનોનો ઉપયોગ કરવો.
2. ઓવરહેડ લાઈન તેમજ ટ્રાન્સફોર્મરનો વીજ પાવર બંધ થયેલ છે તેની ચકાસણી કરી યોગ્ય અર્થિંગ કરીને કામ કરવામાં આવે તો આવા અકસ્માત નિવારી શકાય.

# અકસ્માત - ૫



**અકસ્માત થનાર વ્યક્તિનું નામ :** શ્રી જીતેન્દ્રકુમાર મગનલાલ મકવાણા

**હોદો :** ઈલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ

**અકસ્માતનો પ્રકાર :** પ્રાણઘાતક

**ગામ :** ચાણસ્મા

**તારીખ :** ૨૦/૦૮/૨૦૨૧

**સબ ડિવિઝન :** ચાણસ્મા

**ડિવિઝન :** પાટણ , **સર્કલ :** મહેસાણા

**અકસ્માત થયેલ માળખાની વિગત :** એલ ટી પોલ

## અકસ્માત બનવાની વિગત અને કારણ

સદર અકસ્માત તા. ૨૦/૦૮/૨૦૨૧ના રોજ પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકાના ચાણસ્મા ગામે આવેલ નવીન પોલીસ કોલોની ખાતે, નવીન હળવા દબાણની લાઈનની કામગીરી દરમિયાન નવીન ટ્રાન્સફોર્મરમાંથી બીજા નંબરે આવેલ હળવા દબાણના પીએસસી પોલ પર ચડી શ્રી જીતેન્દ્રકુમાર મગનલાલ મકવાણા (ઈલેક્ટ્રિક આસી.) કેબલ બાંધવાની કામગીરી કરી રહ્યા હતા ત્યારે કોઈક કારણસર અચાનક સંતુલન ગુમાવતા પડી જતા તેઓનું માથું નવીન હળવા દબાણના પીએસસી પોલ નજીક આવેલ પાર્કિંગની નાની પાળી ઉપર અથડાવાથી ગંભીર ઈજાઓ થતાં સદર પ્રાણઘાતક અકસ્માત થયેલ છે. સદર પ્રાણઘાતક અકસ્માતમાં વિકટીમને જવાબદાર ગણી શકાય.

## અકસ્માત નિવારણ માટેના ઉપાયો

જો વીજ કર્મચારી સલામતીના નિયમોનું ચુસ્તપણે પાલન કરીને લાઈનો પર કામગીરી કરતી વખતે વીજ સલામતી સાધનો જેવા કે હેલ્મેટ, હેન્ડગ્લોઝ,સેફટી શુંઝ, સેફટી બેલ્ટ વગેરેનો ઉપયોગ કરવામાં આવે તો આવા અકસ્માતને નિવારી શકાય.

**સાવધાની રાખીએ, વીજ અકસ્માત ટાળીએ**

## કાવ્યધારા

### "સલામતી સાથે સફળતાનો હર્ષ"

નાનું નાનું જો ધ્યાન રાખીએ સાવચેતીના નિયમોનું તો પછી ના રહે કયાંયે અસલામતી;
સવાર જો સારી હોય, સારા મુડ વચ્ચેની હોય તો પછી ચોમેર સલામતી બસ સલામતી.

પહેલાં પ્રાર્થના, બાદ સારા વિચારો સાથે કામની વહેંચણી, આયોજન કરી નીકળીએ;
તો પછી ના સર્જાય ક્યાંયે નાના મોટા અકસ્માત, જળવાય સૌ કોઈની સલામતી.

હસતા રહી કામ આપીએ, હસતા રહી કામ લઈએ, હસતા રહી સાથે કામ કરીએ;
કરવાનું બધું જ છે પણ જો સાવચેત રહીને કરીએ તો પછી સર્વત્ર સૌની સલામતી.

મનગમતા સાથી સાથે કામ મળ્યું હોય ત્યારે કામની ગુણવત્તા પણ રહે, ચોકસાઈ પણ રહે;
પણ આવું ના બને ત્યારે પણ એકમેકને અનુકૂળ થઈએ એમાં જ છે બધાની સલામતી.


લાઈન બંધ કરવાની ચોકસાઈ જેટલી, એનાથી વધારે લાઈન ચાલુ કરાવતા રાખવાની છે;
કામ કરતાં રાખીએ ધીરજ અને ખંત એ લાવે અકસ્માતનો અંત, બક્ષે સલામતી.

આટલાં તો છે સુરક્ષાના સાધનો, રાખો સાથે અને ઉપયોગ કરો, બાંધો એની સાથે માયા;
સલામત રહેશે આપણા બધા વીજસૈનિકની કાયા, કેટલી રહેલી છે બધાની સલામતી.

ભલે માનીએ નસીબમાં, પણ નસીબ બચાવે કોઈક વાર, આત્મસાત કરીએ સુરક્ષાના પાઠ;
સુરક્ષા બચાવે વારંવાર, સુરક્ષા શિખવાડીએ સૌને, વધતી જાય, જળવાતી જાય સલામતી.

કમનસીબે થાય જો વીજ અકસ્માત, અકસ્માતનું વળતર મળે, પણ આપણે સાવચેત રહીશું;
કારણ કોઈને પણ કપાયેલું અંગ ના મળે, સાચવવાના છે સૌને તો જગાવીએ સલામતી.

**કર્મચારી ફરજના પાક્કા તો**
**યુજીવીસીએલમાં વધે સૌની નિષ્ઠા**



**કપડાં સૂકવવા માટે શક્ય હોય ત્યાં સુધી ધાતુના તારનો ઉપયોગ ટાળવો અને તેમ છતાંય ધાતુનો તાર વાપરવામાં આવે તો તાર વીજલાઇન કે તેના કોઈ પણ ભાગના સંપર્કમાં ન આવે તે રીતે બાંધવો.**

*વીજરેષા અને ટ્રાન્સફોર્મરથી રખડતા પ્રાણીઓને દૂર રાખવા એ છે માનવધર્મ;*
*આવો, આપણે સાથે મળીને અબોલ જીવોની રક્ષા કરીએ, અપનાવીએ સલામતી કર્મ.*


*પાલતુ પ્રાણીઓને રસ્તા પર લઈ નીકળતા લોકોને પણ સમજાવીએ જીવની કિંમત;*
*થાંભલા, તાણિયા, વીજરેષાથી દૂર રખાવીને ચાલો આપીએ અબોલજીવોને સલામતી.*

*મેનેજમેન્ટ પણ દ્રષ્ટિ બદલે, જીવંત લાઈનના કામકાજ સમયે પીઠ થાબડે હર કર્મવીરોની;*
*વિગત ચલાવીએ, વિલંબ પણ ક્ષમ્ય કરીએ, આમાં પણ છે સઘળી સલામતી.*
*પરિવારની જવાબદારી છે દરેક વીજસૈનિક ના ખભા ઉપર,*
*આપણે એકબીજાને સાચવવાના;*
*સલામતીનો સથવારો, એ જ વીજસૈનિકના સુખી જીવનનો સરવાળો,*
*"હર્ષ" કહે આ સલામતી.*

*સાથે નોકરી કરીએ છીએ, કામનું ભારણ ભલે વધે પણ જો અરસપરસ ઐક્ય રાખીશું સૌ;*
*તો પછી રોજેરોજ સફળતા સાથે આપણે જ રચીશું*
*યુજીવીસીએલની " હર્ષિલ " સલામતી.*

***- શ્રી એચ. બી. પટેલ**, નિવૃત્ત કાર્યપાલક ઇજનેર, યુજીવીસીએલ*

# અકસ્માત - ૬



**અકસ્માત થનાર વ્યક્તિનું નામ :** શ્રી બંકિમકુમાર અશોકભાઈ જાની

**હોદ્દો :** આસિસ્ટન્ટ લાઇનમેન

**અકસ્માતનો પ્રકાર :** પ્રાણઘાતક,

**ગામ :** કુકસ

**તારીખ :** ૦૩/૦૧/૨૦૨૨

**સબ ડિવિઝન :** મહેસાણા-ગ્રામ્ય

**ડિવિઝન :** મહેસાણા,

**સર્કલ :** મહેસાણા


**અકસ્માત થયેલ માળખાની વિગત :** ટ્રાન્સફોર્મર સેન્ટર

## ■ અકસ્માત બનવાની વિગત અને કારણ


તા. ૦૩/૦૧/૨૦૨૨ના રોજ શ્રી બંકિમકુમાર અશોકભાઈ જાની, આસિસ્ટન્ટ લાઇનમેન, શ્રી કનૈયાલાલ પરષોત્તમદાસ પટેલ તેમજ શ્રી કે.જે. ચૌધરી, એપ્રે.લાઈનમેનને સાથે રાખી કુકસ જ્યોતિગ્રામ ફીડર હેઠળ આવતા વીજ ટ્રાન્સફોર્મરની મેઇન્ટેનન્સ અંગેની કામગીરી સોંપેલ હતી. સદર કામગીરી હેઠળ તેઓ કુકસ ગામમાં "જીલ્લા શિક્ષણ તાલીમ ભવન"ના કમ્પાઉન્ડમાં બિલ્ડીંગની પાછળના ભાગે આવેલ વીજ ટ્રાન્સફોર્મરમા મેઇન્ટેનન્સ કરવા ગયેલ અને શ્રી કનૈયાલાલ પરષોત્તમદાસ પટેલને વીજ ટ્રાન્સફોર્મરમાના ડીઓ ઉતારવાની સૂચના સુપરવાઈઝર અકસ્માતનો ભોગ બનનાર શ્રી બંકિમકુમાર એ. જાનીએ આપેલ તથા સૂચના અનુસાર ત્રણેય ડીઓ ફયુઝમા પત્થર વડે જોડેલ ડીઓ ફયુઝ જેમાં વાયર જોડેલ હતો તેને ઓપેરેટીંગ રોડ વડે દૂર કરતા હતા તેવામાં શ્રી બંકિમકુમાર જાની ટીસી સેન્ટર પર જે ડીઓ ઉતારવાનો બાકી હતો

**વીજસુરક્ષાના નિયમોનું ચુસ્ત પાલન,**
**રાખે સુરક્ષિત સૌનું જીવન**





**વીજલાઇનોના તૂટેલા તારને કોઈ પણ સંજોગોમાં અડકવું નહીં અને તાત્કાલીક કંપનીની ઓફિસને જાણ કરવી. જેથી અકસ્માત નીવારી શકાય.**



તે ટ્રાન્સફોર્મરના ઈનકમિંગ જંપર વાયરને અડી જવાથી જમણી બાજુના ગરદન પાસેના તેમજ છાતીના ભાગે વીજ કરંટ લાગેલ હતો. સારવાર અર્થે ભોગ બનનારને લાયન્સ હોસ્પિટલમાં દાખલ કરેલ ત્યારબાદ તા.૧૪.૧.૨૦૨૨ના રોજ સેલ્બી હોસ્પિટલ અમદાવાદમાં દાખલ કરેલ હતાં. જયા સારવાર દરમિયાન તા.૧૫.૧.૨૦૨૨ના રોજ સવારે ૧૦.૧૧ કલાકે તેઓનું અવસાન થયેલ.

## અકસ્માત નિવારણ માટેના ઉપાયો

1. જો વીજ કર્મચારી સલામતીના નિયમોનું ચુસ્તપણે પાલન કરીને જ ઈલેક્ટ્રીકલ નેટવર્ક પર કામ કરે તથા
2. કોઇ બિનજરૂરી ઉતાવળ ના કરે તથા સાથી કર્મચારી સાથે પુરતી વાતચીત કરે તો આવા ગંભીર પ્રાણઘાતક અકસ્માતને નિવારી શકાય.

> "કાળચક્રને ગીયર હોતો નથી,
> બ્રેક હોતી નથી,
> એક્સિલેટર હોતું નથી, અને
> રીવર્સ ગીયરનો પ્રશ્ન જ નથી..."
> **- ગુણવંત શાહ**

# અકસ્માત - ૭



**અકસ્માત થનાર વ્યક્તિનું નામ :** શ્રી શૈલેષભાઈ છગનભાઈ ચૌહાણ
**હોદ્દો :** ઈલે.આસી. (વિદ્યુત સહાયક)
**અકસ્માતનો પ્રકાર :** પ્રાણઘાતક અકસ્માત
**ગામ :** દુમાણા
**અકસ્માતની તારીખ :** ૨૪/૦૧/૨૦૨૨
**સબડિવિઝન :** વિરમગામ ગ્રામ્ય
**ડિવિઝન :** સાબરમતી, **સર્કલ :** સાબરમતી
**અકસ્માત થયેલ માળખાની વિગત :** ૧૧ કેવી દોલતપૂરા જ્યોતીગ્રામ ફીડર

## અકસ્માતના બનાવની વિગત અને કારણ

અકસ્માતનો ભોગ બનનાર વ્યક્તિ શ્રી એસ.સી.ચૌહાણ તા.૨૪.૧.૨૨ના રોજ શ્રી એચ.કે બાલેવા સાથે ૧૧ કેવી દોલતપૂરા જ્યોતીગ્રામ ફીડર ફોલ્ટમા જતાં ચાલુ કરવા ગયેલ. ફોલ્ટનું લોકેશન મળી જતાં શ્રી એચ. કે. બલેવાએ અકસ્માતનો ભોગ બનનાર વ્યક્તિને જરૂરી અર્થિંગ અને શેકલ પોલના જંપર કાપીને કામ કરવા જણાવેલ.

અકસ્માતનો ભોગ બનનાર વ્યક્તિએ કામ કરવાની એબી સ્વિચ પર એક જ સાઈડઅર્થિંગ કરેલ. જે જગ્યાએ કામ કરવાનું હતું તેનાથી ૩૯ લોકેશન દૂર દોલતપુરા જ્યોતિગ્રામ અને વડગાસ એજી ફીડર નું ક્રોસિંગ હતું. બંને લાઇન વચ્ચે યોગ્ય અંતર જળવાયેલ ન હતું. વડગાસ એજી ફીડરના વી ક્રોસ આર્મ નમીને દોલતપુરા જ્યોતિગ્રામ ફીડરના સૌથી ઉપરના વાયરને અડી ગયેલ હતો. તે જ સમયે વડગાસ એજી ફીડરનો થ્રી ફેઝ શિડ્યુલ હોવાથી કમાલપૂર સબસ્ટેશનમાંથી વડગાસ એજી ફીડર ચાલુ કરેલ. વડગાસ એજી ફીડર પરનો વી ક્રોસ આર્મ દોલતપુરા જ્યોતિગ્રામ ફીડરને અડી ગયેલ હોવાથી દોલતપુરા જ્યોતિગ્રામ ફીડર પર પાવર પસાર થયેલ તથા સ્વિચની એક જ બાજુ અર્થિંગ કરેલ હોવાથી ભોગ બનનાર વ્યક્તિને કરંટ લાગેલ અને મૃત્યુ પામેલ.

**વીજ વિતરણમાં સાવચેત રહીએ, સુરક્ષિત રહીએ**

## અકસ્માત નિવારણ માટેના ઉપાય

1. કામ કરતી વખતે લોકેશનની બંને બાજુ અર્થિંગ કરવું જોઈએ તથા સલામતીના સાધનોનો યોગ્ય ઉપયોગ કરવો જોઈએ.
2. ફીડર પરના દરેક ક્રોસિંગની માહિતી હોવી જોઈએ અને તેનો યોગ્ય નિકાલ કરવો જોઈએ.
3. ક્રોસિંગ થયેલ ફીડરની લાઇન ક્લિયર લેવી જોઈએ.

ઉપર મુજબના ઉપાયો ધ્યાનમાં રાખીને કાર્યવાહી કરી હોત તો આ પ્રકારનો અકસ્માત નિવારી શકાયો હોત.



**સુરક્ષાના નિયમોનું પાલન,**
**રહે સુખી અને સલામત જીવન**




**અકસ્માત પછીનું ડહાપણ નકામું,**
**સાવચેતીમાં જ શાણપણ સો ટકાનું**

**ચિંતા અને તણાવથી દૂર રહો,**
**જીવનને સસ્તું ન સમજો**

# અકસ્માત - ૮




**અકસ્માત થનાર વ્યક્તિનું નામ :** પટેલ અલ્પેશભાઈ નરસિંહભાઈ
**હોદ્દો :** ઈલે.આસી.
**અકસ્માતનો પ્રકાર :** પ્રાણઘાતક અકસ્માત
**ગામ :** રામદેવનગર (વાઘપુર)
**અકસ્માતની તારીખ :** ૦૭/૦૬/૨૦૨૧
**સબડિવિઝન :** પ્રાંતિજ
**ડિવિઝન :** હિંમતનગર
**સર્કલ:** હિંમતનગર
**અકસ્માત થયેલ માળખાની વિગત :** -

## અકસ્માતના બનાવની વિગત અને કારણ

સદર અકસ્માતનો ભોગ બનનાર વ્યક્તિ શ્રી પટેલ અલ્પેશભાઈ નરસિંહભાઈ (ઈલે.આસી.) તા. ૦૭.૦૬.૨૦૨૧ના રોજ સોપવામાં આવેલ ફરિયાદ નિવારણની કામગીરીના ભાગરૂપે તેઓ રામદેવનગર (વાઘપુરનું પરુ) ના મંદિર પાસેથી ત્રણ વાયરની એલટી લાઈન પસાર થાય છે. જેમાં લીમડાના ડાળા લાઈનમાં નડતરરૂપ હોવાથી શ્રી અલ્પેશભાઈ દ્વારા એલટી લાઈનના ફ્યુઝ કાઢીને ઓપરેટીંગ રોડથી ડાળી તોડવાનો પ્રયત્ન કરેલ પરંતુ ડાળી ના તુટતા તેઓ ઝાડ પર ચડતા હતા તે દરમ્યાન લીમડાની સુકાઈ ગયેલ ડાળી પકડી ઉપર ચડવા જતાં તે ડાળી તૂટી જતા નીચે આવેલ આર.સી.સી રોડ ઉપર પડેલ જેથી માથાના ભાગે ગંભીર ઈજા થયેલ, જેથી સ્થળ પર હાજર ગ્રામજનો દ્વારા તેઓને સી.એસ.સી., પ્રાંતિજ ખાતે તાત્કાલીક લાવેલ જયાં સારવાર દરમ્યાન તેમને મૃત જાહેર કરેલ. સદર અકસ્માત માટે ભોગ બનનાર સુરક્ષા ના સાધનોનો ઉપયોગ ન કરવા બદલ જવાબદાર ગણાય.

## અકસ્માત નિવારણ માટેના ઉપાય

દરેક લાઈન સ્ટાફ કર્મચારી દ્વારા જો તેમને આપવામાં આવેલ વીજ સુરક્ષાના સાધનોનો હંમેશા ઉપયોગ કરવામાં આવે તો આવા અકસ્માત નિવારી શકાય.






# વીજ કર્મચારીઓ માટે
# બિનપ્રાણઘાતક અકસ્માતોના
# અવલોકનો અને નિરાકરણો...

# અકસ્માત - ૧



**અકસ્માત  થનાર વ્યક્તિનું નામ :** મડાણિયા પોપટજી પ્રધાનજી
**હોદ્દો :** ઇલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ
**અકસ્માતનો પ્રકાર :** બિનપ્રાણઘાતક (મિકેનિકલ)
**ગામ :** વેળાવાસ
**અકસ્માતની તારીખ :** ૧૩/૦૯/૨૦૨૧
**સબ ડિવિઝન :** દાંતીવાડા
**ડિવિઝન :** પાલનપુર –૧
**સર્કલ :** પાલનપુર
**અકસ્માત થયેલ માળખાની વિગત :** ટ્રાન્સફોર્મર સેન્ટર

## અકસ્માત બનવાની વિગત અને કારણ

તા. ૧૩/૦૯/૨૦૨૧ના રોજ ગામઃ વેળાવાસના ગ્રાહક શ્રી ભૂતડીયા ઇશ્વરભાઇ રૂપાભાઇના ખેતીવાડી વીજજોડાણના સ્થળફેર અર્થે ૬૬ કેવી જેગોલ સબસ્ટેશનમાંથી નિકળતા રતનપુર એજી ફિડરના લોકેશન નંબર ૧૫૩ પર આવેલા ટ્રાન્સફોર્મેર સેન્ટર પર મડાણિયા પોપટજી પ્રધાનજી ચડવા જતાં સેફ્ટી શુઝની નીચે ચીકણી માટી ચોટી જવાથી પગ લપસી જવાથી  આશરે ૭, ૮ ફૂટ પરથી જમીન પર પટકાયેલ હતા આ રીતે અકસ્માત બનવા પામેલ.

## અકસ્માત નિવારણ માટેનાના ઉપાયો

જો વીજકર્મીઓ દ્વારા કામગીરીના સ્થળે પોલ ઉપર ચડતી વખતે સેફ્ટી શુઝ નીચે ચોટેલ ચીકણી માટી કે અન્ય પદાર્થો દૂર કર્યા બાદ ઉપર ચડવાની કામગીરી કાળજીપૂર્વક કરવામાં આવે તો સદર પ્રકારના અકસ્માત નિવારી શકાય.

**વીજશક્તિ સાથે રાખીએ રાઇટ કોન્ટેક્ટ,**
**તો કામકાજ બધું થાય પરફેક્ટ**

## કાવ્યધારા

# વીજ કપનીનો વાયરમેન

હું વીજ કંપનીનો વાયરમૅન
લાઈનકામે જવા કાયમ તૈયાર.

મેઈન્ટેનન્સ હોય કે ફોલ્ટનિવારણ.
સલામતીનો કરું સદા વિચાર.

સલામતીનાં સૌ સાધન બધાં,
સાથે લઈ, સાથી સ્ટાફ તૈયાર.

લાઈનક્લીયર કે સ્વીચ કાપીએ,
પહેલાં ફીડર પાડું કરું બરાબર.

વીજથાં ભલે હું ચડું એ પહેલાં,
લાઈન બંધ છે નક્કી કરું બે વાર.

અર્થિંગ હું પહેલાં કરી લઉં,
સલામતીનું એ મારું હથિયાર.

શાંત મનથી કુશળ કામ કરું હું,
કરું કદી નહિ ખોટી ઉતાવળ.

હસતો નોકરી હું આવું સવારે,
એવો હસતો જાઉં સાંજે ઘર.

નામ પ્રભુનું કામ કંપની તાણું
કરતો રહું મુજ પરિવાર જતન

હું વીજ કંપનીનો વાયરમેન,
લાઈનકામે જવા કાયમ તેયાર.

- શ્રી ઘનશ્યામભાઈ પટેલ, નિવૃત્ત વિશેષ મુખ્ય ઇજનેર, યુજીવીસીએલ

# અકસ્માત - ૨



**અકસ્માત થનાર વ્યક્તિનું નામ :** ચૌહાણ વિપુલસિંહ બલદેવસિંહ
**હોદ્દો :** ઈલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ
**અકસ્માતનો પ્રકાર :** બિનપ્રાણઘાતક
**ગામ :** જેથી, **તારીખ :** ૨૧/૦૫/૨૦૨૧
**સબ ડિવિઝન :** ઈકબાલગઢ
**ડિવિઝન :** પાલનપુર – ૨
**સર્કલ :** પાલનપુર
**અકસ્માત થયેલ માળખાની વિગત :** ૧૧ કેવી બાટાવાડા ફિડર

## અકસ્માત બનવાની વિગત અને કારણ

તા. ૨૧-૫-૨૦૨૧ના રોજ સવારે આશરે ૯:૦૦ વાગે શ્રી આર.જે. કટારા લાઈન મેન, શ્રી વી.બી.ચૌહાણ તથા શ્રી આર.એલ.ઉડનીયા ઈલે.આ. ૧૧ કેવી બાટાવાડા ફિડરની રાજપુરીયા તરફ જતી ટેપલાઇનમાં ફોલ્ટ દૂર કરવાની કામગીરી સોંપવામાં આવેલ. આગલા દિવસે તા. ૨૦-૫-૨૦૨૧ના રોજ શ્રી આર.જે. કટારા અને જે.એસ. સોલંકીએ મોડા સુધી ટેપલાઇનમાં ફોલ્ટ શોધવાની કામગીરી કરેલ પરંતુ રાત થઈ જતાં સિંગલ ફેજ પાવર ચાલુ રાખવા એક જંપર કાપી બાકીનું ફિડર ચાલુ કરેલ. બીજા દિવસે એટલે કે બનાવના દિવસે ૧૧ કેવી બાટાવાડા




**ગ્રાહકોનો વિશ્વાસ જીતીએ,**
**યુજીવીસીએલને નંબર-૧ બનાવીએ**

ફિડરની ટેપ લાઇનને ફોલ્ટ દૂર કરવા કાપેલ જંપર આપવા પાવર બંધ કરવો જરૂરી હોઇ લોકેશન નંબર ૬ ૧/૧ ની મેઇન લાઇનની સ્વિચ કાપવાની હતી તેની જગ્યાએ ગોદડપૂર ટેપ લાઇનની સ્વિચ કાપેલ. જેથી લાઇન કામ કરવા જતાં શ્રી ચૌહાણ વિપુલસિંહ બલદેવસિંહને બિનપ્રાણઘાતક અકસ્માત નડેલ.




## અકસ્માત નિવારણ માટેના ઉપાયો

વીજકર્મીઓ દ્વારા કામગીરીના સ્થળે આવતો પાવર બંધ કર્યાની ચકાસણી કે લાઇન ક્લિયર પરમીટ મેળવીને કામગીરી હાથ ધરવામાં આવે તેમજ કામગીરી કરતી વખતે સલામતીના સાધનોનો યોગ્ય ઉપયોગ કરવામાં આવે તથા બન્ને બાજુ કાર્યક્ષમ અર્થિંગ કરે તો આ પ્રકારના અકસ્માત નિવારી શકાય.

**કરીએ સલામતીનું ચુસ્ત પાલન,**
**ન પરવડે ગુમાવવું અમૂલ્ય જીવન**

**એક ઉતાવળું પગલું, કીમતી જીવન પડે ગુમાવવું**



વીજશક્તિ પહોંચે ઘરઘર,
દેશ બને સુખી ને સદ્ધર

# અકસ્માત - ૩



**અકસ્માત થનાર વ્યક્તિનું નામ :** લોહ નરેશકુમાર પરથીભાઇ
**હોદ્દો :** ઇલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ
**અકસ્માતનો પ્રકાર :** બિનપ્રાણઘાતક
**ગામ :** પેડાગડા
**અકસ્માતની તારીખ :** ૧૪/૦૭/૨૦૨૧
**સબ ડિવિઝન :** ઈકબાલગઢ
**ડિવિઝન :** પાલનપુર – ૨
**સર્કલ :** પાલનપુર
**અકસ્માત થયેલ માળખાની વિગત :** ૧૧ કેવી પેડાગડા એજી ફિડર

## અકસ્માત બનવાની વિગત અને કારણ


તા.૧૪/૭/૨૦૨૧ ના રોજ પેડાગડા ગામે ૧૧ કેવી પેડાગડા એજી ફિડર ફોલ્ટ ના સમારકામ દરમ્યાન ૬૬ કેવી બસ આઇસોલેટર પર સાપ ચડવાથી ૬૬ કેવી લાઇન ફોલ્ટમાં જતાં ૧૧ કેવી સાઈડ લાઇન ક્લિયર લીધેલ હોવા છતાં ૧૧ કેવી સાઈડ જર્ક આવવાથી શ્રી નરેશકુમાર પરથીભાઇ લોહને વીજ કરંટ લાગેલ.પરંતુ તમામ વીજ સલામતીના સાધનો પહેરેલ તથા અર્થિંગ કરેલ હોવાથી મેકેનિકલ અકસ્માત ટાળી શકેલ.

## અકસ્માત નિવારણ માટેના ઉપાયો

1. ૧૧ કેવી લાઇન ની લાઇન ક્લિયર લીધા બાદ ક્રોસ બાઉન્ટ્રી સ્વિચ કાપવામાં આવે તો આવા અકસ્માત નિવારી શકાય.
2. વીજ કર્મચારી સલામતીના નિયમોનું ચુસ્તપણે પાલન કરીને જ ઈલેક્ટ્રીકલ નેટવર્ક પર કામ કરે અને વીજ સલામતીના સાધનો પહેરેલ હોય તો અકસ્માત ટાળી શકાય.

**જીવનનું મૂલ્ય સમજીએ, સજાગ રહીને કામ કરીએ**

# અકસ્માત - ૪



**અકસ્માત  થનાર વ્યક્તિનું નામ :** દામા તારાભાઈ રામાભાઇ
**હોદ્દો :** ઇલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ
**અકસ્માતનો પ્રકાર :** બિનપ્રાણઘાતક
**ગામ :** આંબાપાણી
**અકસ્માતની તારીખ :** ૦૧/૦૨/૨૦૨૨
**સબ ડિવિઝન :** ઈકબાલગઢ
**ડિવિઝન :** પાલનપુર – ૨
**સર્કલ :** પાલનપુર
**અકસ્માત થયેલ માળખાની વિગત :** એલ.ટી. લાઇન

## અકસ્માત બનવાની વિગત અને કારણ

તા. ૦૧-૦૨-૨૦૨૨ના રોજ શ્રી ટી.આર. દામા, આંબાપાણીની ગામની ખેતીવાડી લાઇનના એલ.ટી.વાયર તૂટવાની ફરિયાદ વાળી ડી.પી પરના ડી.ઑ. ફ્યૂજ ઉતારેલ અને તૂટેલ વાયરમાથી એક વાયર સાંધીને ખેચી દીધેલ હતો, જ્યારે સૌથી નીચેના વાયર ને સાંધો મારીને નીચે મૂકી રાખેલ હતો. ત્યારબાદ સર્વિસ પોલ પરથી શ્રી દલાભાઈ ઉદાભાઇ ગરાસિયાના ખેતીવાડી વીજ જોડાણ તરફ જતી હળવા દબાણની લાઇનનો ઉપરનો એલ.ટી વાયર કે જેના પ્રથમ ગાળામાં ૧૧ કેવી ઢોલિયા ખેતીવાડી  ફિડરનું ક્રોસિંગ હોવાથી ઢીલો રાખેલ હતો તે વાયર તેઓએ ભૂલથી ખેંચવા માટે હાથમાં પકડીને ખેંચવાનું ચાલુ કરેલ. પરંતુ વાયર ખેંચવા જતાં આ એલ.ટી. લાઇનનો વાયર ઉપરથી પસાર થતાં ૧૧ કેવી ઢોલિયા ખેતીવાડી ફિડરની ચાલુ વીજ લાઇનને સહેજ અડી ગયેલ અને વીજ કરંટ લાગેલ.

## અકસ્માત નિવારણ માટેના ઉપાયો

વીજ કર્મચારી સલામતીના નિયમોનું ચુસ્તપણે પાલન કરીને તથા કામ કર્યા પહેલા લાઇન પેટ્રોલીંગ કરી, ક્રોસિંગમાં આવતી લાઈનોની લાઇન ક્લિયર લઈ બન્ને બાજુ કાર્યક્ષમ અર્થિંગ કરી લાઇન કામની શરૂઆત કરે તો  આવા ગંભીર પ્રાણઘાતક અકસ્માતને નિવારી શકાય.

# અકસ્માત - ૫



**અકસ્માત થનાર વ્યક્તિનું નામ :** સુરતસિંગ સોમાજી ઠાકોર.
**હોદ્દો :** ઇલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ
**અકસ્માતનો પ્રકાર :** બિનપ્રાણઘાતક
**ગામ :** રુદ્ર ગેલેક્ષી સોસાયટી, કાંટ (અજાપુરા)
**અકસ્માતની તારીખ :** ૧૭/૦૬/૨૦૨૧
**સબ ડિવિઝન :** ડીસા ગ્રામ્ય નં.-૧
**ડિવિઝન :** ડીસા-૧
**સર્કલ :** પાલનપુર
**અકસ્માત થયેલ માળખાની વિગત :** એલ.ટી. પોલ

## અકસ્માત બનવાની વિગત અને કારણ

સદર અકસ્માત તા. ૧૭.૦૬.૨૦૨૧ના રોજ બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકાના કાંટ (અજાપુરા) ગામે આવેલ રુદ્ર ગેલેક્ષી સોસાયટીમાં ડીસા ગ્રામ્ય નં.-૧ પેટા વિભાગીય કચેરી, યુજીવીસીએલ, નવીન સિંગલ ફેજ ઘર વપરાશનું વીજ જોડાણ આપવા પીએસસી પોલ પર ચઢી શ્રી સુરતસિંગ સોમાજી ઠાકોર (ઇલેક્ટ્રિક આસી.) કેબલ લગાવી નીચે ઉતરી રહ્યા હતા ત્યારે પીએસસી પોલના બીજા પગથીયે સ્ટ્રીટ લાઇટના ફિકચરના કારણે સંતુલન ગુમાવતા જમીન ઉપર પડી જતા તેઓના કમરના મણકામાં ઈજાઓ થતાં સદર બિનપ્રાણઘાતક અકસ્માત થયેલ છે.

## અકસ્માત નિવારણ માટેના ઉપાયો

જો વીજ કર્મચારી સલામતીના સાધનો વાપરે તથા નિયમોનું ચુસ્તપણે પાલન કરીને જ ઈલેક્ટ્રીકલ નેટવર્ક પર કામ કરે તો આવા ગંભીર બિનપ્રાણઘાતક અકસ્માતને નિવારી શકાય.

**કર્મચારીઓની સુરક્ષા પ્રથમ,**
**બનાવે યુજીવીસીએલને સક્ષમ**

# અકસ્માત - ૬



**અકસ્માત થનાર વ્યક્તિનું નામ :** શ્રી અરવિંદભાઇ દિતાભાઇ ખરાડી
**હોદ્દો :** ઇલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ
**અકસ્માતનો પ્રકાર :** બિનપ્રાણઘાતક
**ગામ :** જુના ડીસા
**અકસ્માતની તારીખ :** ૧૫/૦૩/૨૦૨૨
**સબ ડિવિઝન :** ડીસા ગ્રામ્ય નં.-૨
**ડિવિઝન :** ડીસા-૧
**સર્કલ :** પાલનપુર
**અકસ્માત થયેલ માળખાની વિગત :** ટ્રાન્સફોર્મર સેન્ટર

## અકસ્માત બનવાની વિગત અને કારણ

સદર અકસ્માત તા.૧૫.૦૩.૨૦૨૨ના રોજ બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકાના જુના ડીસા ગામે થયેલ. સદર બિનપ્રાણઘાતક અકસ્માતનો ભોગ બનનાર કર્મચારી શ્રી અરવિંદભાઇ દિતાભાઇ ખરાડી ને જુના ડીસા ગામે વીજ ગ્રાહકોના બાકી લેણાં માટે વીજ જોડાણ કાપવા માટેની કામગીરી સોંપવામાં આવેલી હતી.

સદર કામગીરી દરમ્યાન ગ્રાહક નં. ૭૪૩૨૬૧૧૨૬૨૦ નામ – ઘાંચી હંસાબેન જયંતિલાલના વીજ જોડાણના ટ્રાન્સફોર્મર ઉપર ફ્યુજ ઉતારી ડી.ઓ.પીન ઉતારવાની કામગીરી દરમ્યાન ડી.ઓ.ના ઉપરના ભાગમાં પાવર ચાલુ હોવાથી જંપર ઉપરના ડી.ઓ.ને સ્પર્શ થતાં વીજ કરંટ લાગતાં ભોગ બનનાર કર્મચારીનો હાથ દાઝેલ તથા મોઢાના ભાગે ઈજાઓ થતાં સદર બિનપ્રાણઘાતક અકસ્માત થયેલ છે.

## અકસ્માત નિવારણ માટેના ઉપાયો

વીજ કર્મચારીઓ કોઈપણ નેટવર્કની કામગીરી કરવા માટે સલામતી સાધનોનો ઉપયોગ કરીને તેમજ ઓવરહેડ લાઈન તેમજ ટ્રાન્સફોર્મરની ચકાસણી કરીને બન્ને બાજુ કાર્યક્ષમ અર્થિંગ કરી કામ કરવામાં આવે તો આવા અકસ્માત નિવારી શકાય.

# અકસ્માત - ૭



**અકસ્માત થનાર વ્યક્તિનું નામ :** મોદી વિમલકુમાર વ્રજલાલ
**હોદ્દો :** આસિસ્ટન્ટ લાઇનમેન
**અકસ્માતનો પ્રકાર :** બિન-પ્રાણઘાતક
**ગામ :** કોટડા (ડી)
**અકસ્માતની તારીખ :** ૧૩/૧૦/૨૦૨૧
**પેટા વિભાગીય કચેરી :** લાખણી
**વિભાગીય કચેરી :** ડીસા-૨
**વર્તુળ કચેરી :** પાલનપુર
**અકસ્માત થયેલ માળખાની વિગત :** ટ્રાન્સફોર્મર સેન્ટર


## અકસ્માત બનવાની વિગત અને કારણ

તા.૧૩.૧૦.૨૦૨૧ના રોજ કોટડા (ધૂણસોલ) ગામે શ્રી કણબી હરચંદજી જેઠાજી નું નવીન ફાર્મ હાઉસનું વીજ જોડાણ આપવા માટે કામગીરી સોપેલ. શ્રી વી.વી.મોદી સ્થળ પર ગયાં બાદ નવીન વીજ જોડાણ આપવા માટે સદર ખેતીવાડી વીજ ટ્રાન્સફોર્મરના ડીઓ ઉતારેલ ત્યારબાદ ૬૬ કેવી કોટડા સબસ્ટેશનમાંથી નીકળતાં ૧૧ કેવી કુડા એજી ફીડરની લાઈન ક્લિયર લીધેલ. ત્યારબાદ સદર ટીસી સેન્ટરની ટોપ એંગલ પર ચડી સર્વિસ વાયર સાથે જીઆઇ વાયર ટર્ન બકલ સાથે બાંધવા જતાં સદર જીઆઇ વાયર ચાલું વીજપુરવઠાના વાયરને અડતા નીચે પટકાયેલ પરંતુ સ્થળ પર ૬૬ કેવી કોટડા સબસ્ટેશનમાથી નીકળતાં ૧૧ કેવી વાસણ એજી ફીડરનો વીજ પુરવઠો આવતો હતો. સદર કામ કરતાં પહેલાં વીજ પુરવઠો ચાલું છે કે બંધ તેની ખરાઈ કરેલ નહીં જેનાં કારણે બિનપ્રાણઘાતક વીજ અકસ્માત બનેલ.

**વીજ સુરક્ષાના નિયમોનું રાખીએ માન,**
**અકસ્માતમાં ન ખોઈએ જાન**




વીજ સુરક્ષા સાધનોની છે નમ્ર વિનંતી
ઉપયોગ કરો અમારો, તો રહે પરિવારને શાંતિ



## અકસ્માત નિવારણ માટેના ઉપાયો

1. વીજકર્મીઓ દ્વારા કામગીરીના સ્થળે આવતો વીજ પુરવઠો જેમાં સબ સ્ટેશન, ફિડરનું નામ વિગેરેની માહિતી મેળવી ત્યારબાદ લાઇન ક્લિયર પરમીટ મેળવીને સ્થળ પર વીજ પુરવઠો બંધ હોવાની ચોક્કસ ખરાઈ કર્યા બાદ જ કામગીરી હાથ ધરવામાં આવે તેમજ કામગીરી કરતી વખતે સ્થળ પર અર્થિંગ કરવામાં આવે તેમજ સલામતીના સાધનોનો યોગ્ય ઉપયોગ કરવામાં આવે તો સદર પ્રકારના અકસ્માત નિવારી શકાય.
2. જો સદર કર્મચારીએ લાઇન ક્લિયર પરમિટ લીધાં બાદ ટીસી સેન્ટરના ડીઓ ઉતારેલ હોત તો વીજ પુરવઠો બંધ છે તેની ખરાઈ કરી શકાત અને સદર પ્રકારના અકસ્માત નિવારી શકાય.

વીજશક્તિ સાથે રાખીએ રાઇટ કોન્ટેક્ટ,
તો કામકાજ બધું થાય પરફેક્ટ

**વીજવિતરણમાં સાવચેત રહીએ, સુરક્ષિત રહીએ**


# અકસ્માત - ૮



**અકસ્માત થનાર વ્યક્તિનું નામ :** ભગોરા ધનાભાઈ પરથાભાઈ
**હોદ્દો :** ઈલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ
**અકસ્માતનો પ્રકાર :** બિન-પ્રાણઘાતક
**ગામ :** પેંગીયા, **અકસ્માતની તારીખ :** ૨૪/૦૨/૨૦૨૨
**પેટા વિભાગીય કચેરી :** ધાનેરા-૨
**વિભાગીય કચેરી :** ડીસા-૨
**વર્તુળ કચેરી :** પાલનપુર
**અકસ્માત થયેલ માળખાની વિગત :** ૧૧ કેવી ભીમ એજી ફિડર

## ■ અકસ્માત બનવાની વિગત અને કારણ

સદર અકસ્માત તા. ૨૪.૦૨.૨૦૨૨ના રોજ શ્રી ધનાભાઈ.પી. ભગોરા અને પી.કે.ચૌહાણ ને પેંગીયા અને ધર્ણોધર ગામની ડીસકનેકશનની કામગીરી સોપવામાં આવેલ. પરંતુ બન્ને ઈલેક્ટ્રિકલ આસી. દ્વારા પોતાની મનસુફીથી શ્રી રબારી પરભાભાઈ ચેલાંભાઈનું પેંગીયા ગામમાં ખેતીવાડી લોડ વધારાનું નવીન વીજ ટ્રાન્સફોર્મર ચાર્જ કરવાં માટે ગયેલ. જેમાં પાંચ ગાળાની હળવાદબાણની ચાર વાયરની લાઈન ઉતાર્યા બાદ ભાટી સબ સ્ટેશનમાંથી નીકળતાં ૧૧ કેવી



**વીજલાઇનોની નીચે તથા તેના થાંભલાઓ નજીક કોઈ પણ પ્રકારનું બાંધકામ કરવું નહીં.**

વીજ સાધનો માટે યોગ્ય ક્ષમતાના ફ્યુઝ, એમ.સી.બી. તથા ઇ.એલ. સી.બી.નો ઉપયોગ કરવો જોઈ. બે કિલોવોટ કે તેથી વધુના વીજભાર માટે અર્થ લીકેજ સર્કીટ બ્રેકર (ઈ.એલ.સી.બી.) નો ઉપયોગ કરવો ફરજિયાત છે.




ભીમ એજી ફીડરના લોકેશન નંબર–10/44/6-10/44/5 પરથી ડીઓ ઉતારવા ફીડર હેન્ડ ટ્રીપ કરાવી લંગર ઉતારેલ. ત્યારબાદ લોકેશન–10/44/11/6 (૧૧કેવી ભીમ એજી ફીડર) ને જંપર આપતાં બિનપ્રાણઘાતક અકસ્માત બનેલ. તેમજ સ્થળ પર અર્થિંગ, સલાંમતીના સાધનો, ઉપલા અધિકારીની સુચના વગર કામ કરેલ, સુપરવાઇઝર વગર અને લાઈન ક્લિયર પરમિટના લેવાને કારણે સદર બિનપ્રાણઘાતક અકસ્માત બનેલ.

## અકસ્માત નિવારણ માટેના ઉપાયો

વીજ કર્મચારી સલામતીના નિયમોનું ચુસ્તપણે પાલન કરીને લાઈન પર કામગીરી કરતી વખતે સ્થળ પર અર્થિંગ કરવામાં આવે અને વીજ સલામતીના સાધનો જેવા કે હેલ્મેટ, હેન્ડગ્લોવ્ઝ,સેફટી શુઝ, સેફટી બેલ્ટ વગેરેનો ઉપયોગ કરવામાં આવે તો આવા અકસ્માતને નિવારી શકાય.

કરીએ સલામતીનું ચુસ્ત પાલન,
ન પરવડે ગુમાવવું અમૂલ્ય જીવન

# અકસ્માત - ૯



**અકસ્માત  થનાર વ્યક્તિનું નામ :** પટેલ દશરથકુમાર ભરતભાઈ
**હોદ્દો :** ઇલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ
**અકસ્માતનો પ્રકાર :** બિનપ્રાણઘાતક
**ગામ :** ડુંગરાસણ, **અકસ્માતની તારીખ :** ૧૮/૦૮/૨૦૨૧
**સબ ડિવિઝન :** થરા, **ડિવિઝન :** રાધનપુર, **સર્કલ :** પાલનપુર
**અકસ્માત થયેલ માળખાની વિગત :** ૧૧ કેવી ભવાની એજી ફિડર

## અકસ્માત બનવાની વિગત અને કારણ

ભવાની એજી ફીડરના ગ્રાહક પાસેથી મળેલી ફરિયાદ મુજબ એએલએમ આસિસ્ટન્ટ લાઇનમેન શ્રી બી.એલ. રાવલે એબી સ્વિચનું સ્થાન નક્કી કરેલ, જ્યાં જંપર બળી ગયું હતું. એએલએમ, આસિસ્ટન્ટ લાઇનમેન શ્રી બી.એલ. રાવલ દ્વારા ૦૪.૦૨ કલાકે પીડિત શ્રી ડી.બી. પટેલ, ઈ.આ. (વીએસ)ને ફોન દ્વારા મેસેજ કરવામાં આવ્યો હતો જે ડુંગરાસણ ગોળાઈ ઉપર આવેલ એબી સ્વિચ લોકેશન નંબર 31 પર જમ્પર બળી ગયું હતું. શ્રી ડી.બી. પટેલ અને શ્રી એસ.એમ. પટેલ, થરા ખાતે ઈલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ (આરઈસી) ડુંગરાસન ગોળાઈ ઉપર આવેલ એબી સ્વિચ ખાતે જમ્પરને એટેન્ડ કરવા માટે ઓફિસથી ગયા હતા. લોકેશન પોઈન્ટ પર શ્રી ડી.બી. પટેલ તેની બાઇક પાર્ક કરી અને શ્રી એસ.એમ. પટેલ, ઈલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ અર્થિંગ માટે ઓપરેટિંગ રોડ કાઢી રહ્યો હતો જ્યારે શ્રી ડી.બી.પટેલ ડબલ પોલ સ્ટ્રક્ચર પર ચઢી ગયેલ અને ભવાની એજી ફીડરના એબી સ્વિચના આઉટગોઇંગ જમ્પરને ટચ કરેલ.ભવાની એજી ફીડર 1 phમાં, એક બાજુનો ફેઝ આઉટગોઇંગ જમ્પર બળી ગયેલ હતું, તેથી લોડ સાઇડથી 66 KV SS સુધીનો પાવર રીટર્ન થતા શ્રી ડી.બી. પટેલને વીજ કરંટ લાગ્યો હતો અને બિનપ્રાણઘાતક અકસ્માત સર્જાયો હતો.

## અકસ્માત નિવારણ માટેના ઉપાયો

વીજકર્મીઓ દ્વારા કામગીરીના સ્થળે આવતો પાવર બંધ કરી લાઇન ક્લિયર પરમીટ મેળવીને જ કામગીરી હાથ ધરવામાં આવે તેમજ કામગીરી કરતી વખતે સલામતીના સાધનોનો યોગ્ય ઉપયોગ કરવામાં આવે તથા બન્ને બાજુ કાર્યક્ષમ અર્થિંગ કરવામાં આવે તો આ પ્રકારના અકસ્માત નિવારી શકાય.

# અકસ્માત - ૧૦



**અકસ્માત થનાર વ્યક્તિનું નામ :** ગમાર વાઘાજીભાઈ કેસરભાઈ

**હોદ્દો :** ઈલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ

**અકસ્માતનો પ્રકાર :** બિનપ્રાણઘાતક

**ગામ :** ઉમરી

**તારીખ :** ૨૯/૦૭/૨૦૨૧

**સબ ડિવિઝન :** સતલાસણા

**ડિવિઝન :** વિસનગર

**સર્કલ :** મહેસાણા

**અકસ્માત થયેલ માળખાની વિગત :** ૧૧ કેવી ખારી એજી ફિડર

## અકસ્માત બનવાની વિગત અને કારણ

તા. ૨૯/૭/૨૦૨૧ ના રોજ સુદાસણા સબસ્ટેસનમાંથી નીકળતા ખારી એજી ફિડર ફોલ્ટમાં જતા શ્રી વી.કે. ગમાર તથા શ્રી આર.સી. જાધવ ફિડર કમ્પ્લેન અટેન્ડ કરવા ગયેલ. લોકેસન નં.૩૭ ઉપર શ્રી વી.કે.ગમાર ટેપ લાઈનના વીજ થાંભલા પર ચઢવા ગયેલ પરંતુ ટેપ લાઈન જંપરના વીજ પાવરની સંભાળ રાખ્યા વગર ટેપ લાઈન નજીક પહોંચતા વીજ શોક લાગતા બિનપ્રાણઘાતક અકસ્માત બનવા પામેલ. સદરહુ અકસ્માતમાં વીજ સલામતી નિયમોનો ભંગ થયેલ છે. આમ આ અકસ્માત માટે ભોગ બનનારને જવાબદાર ગણી શકાય.

## અકસ્માત નિવારણ માટેના ઉપાયો

1. જો વીજકર્મીઓ દ્વારા કામગીરીના સ્થળે આવતો પાવર બંધ કરી લાઇન ક્લિયર પરમીટ મેળવીને જ કામગીરી હાથ ધરવામાં આવે.
2. કામગીરી કરતી વખતે સલામતીના સાધનોનો યોગ્ય ઉપયોગ કરવામાં આવે તો આ પ્રકારના અકસ્માત નિવારી શકાય.

**એક ઉતાવળું પગલું, કીમતી જીવન પડે ગુમાવવું**

## અકસ્માત - ૧૧

**અકસ્માત થનાર વ્યક્તિનું નામ :** શ્રી ચૌધરી વિષ્ણુભાઈ હીરાભાઈ
**હોદ્દો :** ઇલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ (મહેસાણા સિટી સબ-ડિવિઝન)
**અકસ્માતનો પ્રકાર :** બિનપ્રાણઘાતક અકસ્માત
**ગામ :** અસલાલી
**અકસ્માતની તારીખ :** ૨૧/૦૫/૨૦૨૧
**સબડિવિઝન :** બારેજા
**ડિવિઝન :** સાબરમતી
**સર્કલ :** સાબરમતી
**અકસ્માત થયેલ માળખાની વિગત :** પોલ



### અકસ્માતના બનાવની વિગત અને કારણ

સદર અકસ્માતમાં "તોક્તે" વાવાઝોડા દરમ્યાન વીજપ્રવાહ પુનઃસ્થાપિત કરવા માટે મહેસાણા વર્તુળ કચેરીના મહેસાણા સિટી સબ-ડિવિઝનમાંથી શ્રી ચૌધરી વિષ્ણુભાઈ હીરાભાઈ, ઈલે. આસી., અસલાલી ગામે ભગવાન એસ્ટેટ પાસે કામ કરી રહ્યા હતા. તે દરમ્યાન અકસ્માત નો ભોગ બનનાર વ્યક્તિ જે પોલ નજીક કામ કરતાં હતા. તેની આગળનો પોલ અચાનક તૂટીને ભોગ બનનાર વ્યક્તિ પર પડેલ. જેને કારણે ભોગ બનનાર વ્યક્તિને પગમાં ઈજા થયેલ. વાવાઝોડા દરમ્યાન ભારે વરસાદને કારણે જમીન પોચી થઈ ગયેલ હોવાથી પોલ પડી ગયેલ હોય તેમ માની શકાય.

### અકસ્માત નિવારણ માટેના ઉપાય

સમયાંતરે ઓવરહેડ લાઈનની ચકાસણી કરી નમી ગયેલા પોલ સીધા કરી આવા અકસ્માત નિવારી શકાય છે.

**સલામતીનાં સાધનોનો ફરજિયાત ઉપયોગ કરીએ**

# અકસ્માત - ૧૨



**અકસ્માત થનાર વ્યક્તિનું નામ :**
(૧) શ્રી હિતેશભાઈ વિષ્ણુભાઈ પટેલ (ઈલે.આસી.)
(૨) શ્રી દિનેશભાઈ પ્રહલાદભાઈ પટેલ (ઈલે.આસી.)
**અકસ્માતનો પ્રકાર :** બિનપ્રાણઘાતક અકસ્માત
**ગામ :** નાંદેજ
**અકસ્માતની તારીખ :** ૦૯/૦૬/૨૦૨૧
**સબડિવિઝન :** બારેજડી
**ડિવિઝન :** સાબરમતી
**સર્કલ :** સાબરમતી
**અકસ્માત થયેલ માળખાની વિગત :** ૧૧ કેવી જીપી મિલ ફીડર

## અકસ્માતના બનાવની વિગત અને કારણ

સદર અકસ્માતમાં બારેજડી પેટા વિભાગીય કચેરીના ૧૧ કેવી જીપી મિલ, જેજીવાય ફીડરના સમારકામના કાર્યક્રમ દરમ્યાન ભોગ બનેલ બંને કર્મચારી રેલ્વેસ્ટેશન પાસે આવેલ ટ્રાન્સફોર્મર ઉપર ડીઓ રિપેરિંગનું કામ કરી રહ્યા હતા. તે દરમ્યાન સદર ટ્રાન્સફોર્મરના ડિસ્ટ્રીબુશન બોક્સમાં મધપૂડો હોવાથી ફ્યુજ કાઢવામાં આવેલ ન હતા. અચાનક રિટર્ન પાવર આવવાથી બંને કર્મચારીને કરંટ લાગેલ. રેલ્વેસ્ટેશનમાં યુજીવીસીએલના પાવર સપ્લાય બંધ થઈ જાય તો ઓટોમેટિક પાવર સપ્લાય તેમની પેનલમાં ચેન્જ થઈ જવાની સિસ્ટમ છે. રેલ્વેસ્ટેશનના મીટરની એમઆરઆઈ લેતા રેલ્વેસ્ટેશન તરફથી પાવર આવ્યો હોવાનું માલૂમ પડેલ.

## અકસ્માત નિવારણ માટેના ઉપાય

વીજ કર્મચારીઓએ ડિસ્ટ્રીબુશન બોક્સના ફ્યુજ દૂર કરી કામ કરેલ હોત તથા સલામતી સાધનો તથા સલામતી નિયમોનું ચુસ્તપણે પાલન કરેલ હોત તો તેમજ બન્ને બાજુ કાર્યક્ષમ અર્થિંગ કરવામાં આવેલ હોત તો સદર અકસ્માત નિવારી શકાત.

# અકસ્માત - ૧૩



**અકસ્માત થનાર વ્યક્તિનું નામ :**
શ્રી અરવિંદભાઈ માનસિંગભાઈ ડામોર (આસિસ્ટન્ટ લાઇનમેન)
**અકસ્માતનો પ્રકાર :** બિનપ્રાણઘાતક અકસ્માત
**ગામ :** જેતલપુર
**અકસ્માતની તારીખ :** ૧૧/૦૬/૨૦૨૧
**સબડિવિઝન :** બારેજા
**ડિવિઝન :** સાબરમતી
**સર્કલ :** સાબરમતી
**અકસ્માત થયેલ માળખાની વિગત :** સિટી ઓપરેટર મીટરનું ચેકિંગ

## અકસ્માતના બનાવની વિગત અને કારણ

અકસ્માત નો ભોગ બનનાર વ્યક્તિ, નાયબ ઈજનેર, બારેજા સાથે તા.૧૧.૬.૨૦૨૧ ના રોજ એલટીએમડી વીજકનેક્શન ઉપર લાગેલ સિટી ઓપરેટર મીટરનું ચેકિંગ કરી રહ્યા હતા. એક્યુચેક મીટરનું વાયરિંગ કરતી વખતે અચાનક બે ફેઝ શોર્ટ સર્કિટ થવાથી ફ્લેશ ઓવર થયેલ અને અકસ્માત નો ભોગ બનનાર વ્યક્તિ જમણા હાથની હથેળી, કપાળ અને આંખો પર બળી ગયેલ.

## અકસ્માત નિવારણ માટેના ઉપાય

એક્યુચેક મીટરનું વાયરિંગ કાળજીપૂર્વક કરવાથી તથા હેન્ડગ્લોવ્ઝ વગેરેનો ઉપયોગ કરવામાં આવે તો આવા અકસ્માતને નિવારી શકાય.

**સલામતીમાં ન પાલવે ચૂક,**
**કોઈના વહાલા તમે અચૂક**

# અકસ્માત - ૧૪



**અકસ્માત થનાર વ્યક્તિનું નામ :** શ્રી પી.કે. ધુસા
**હોદ્દો :** ઈલે.આસી.
**અકસ્માતનો પ્રકાર :** બિનપ્રાણઘાતક અકસ્માત
**ગામ :** મહિજડા
**અકસ્માતની તારીખ :** ૧૫/૦૬/૨૦૨૧
**સબડિવિઝન :** બારેજા
**ડિવિઝન :** સાબરમતી
**સર્કલ :** સાબરમતી
**અકસ્માત થયેલ માળખાની વિગત :** ૧૧ કેવી જીપી મિલ ફીડર


## અકસ્માતના બનાવની વિગત અને કારણ

અકસ્માત નો ભોગ બનનાર શ્રી પી.કે.ધુસા, ઈલે. આસી. તા.૧૫.૬.૨૦૨૧ના રોજ ૧૧ કેવી મહિજડા ફીડર ફોલ્ટમા જવાથી બીજા ત્રણ સ્ટાફ સાથે ફીડર ચાલુ કરવા ગયેલ. પેટ્રોલીંગ દરમ્યાન જાણવા મળેલ કે અડસર ટેકરા એબી સ્વિચની ટેપલાઈનમાં આવેલ ટ્રાન્સફોર્મર સેન્ટર પર ૧૧ કેવી લાઈનનું જંપર એંગલ સાથે અડી ગયેલ.
ભોગ બનનાર વ્યક્તિ એબી સ્વિચ કાપીને પરંતુ ટ્રાન્સફોર્મર સ્ટ્રક્ચર પર અર્થિંગ કર્યા વગર જંપર રિપેરિંગ કરવા ગયેલ. જંપર રીપેર કર્યા બાદ ભોગ બનનાર વ્યક્તિ ટ્રાન્સફોર્મર સેન્ટરથી નીચે ઉતારવાની તૈયારી કરતાં હતા તે દરમ્યાન એબી સ્વિચ કાપનાર લાઈન સ્ટાફ દ્વારા અડસર ટેકરાની એબી સ્વિચનો એક ફેઝ ચાલુ કરેલ અને તેનાથી ભોગ બનનાર વ્યક્તિના જમણા હાથની કોણી જંપરને અડી જતાં તે નીચે પડી ગયેલ.

## અકસ્માત નિવારણ માટેના ઉપાય

સલામતીના સાધનોનો યોગ્ય ઉપયોગ તથા કામ કરવાની જગ્યા પર બે બાજુ અર્થિંગ કર્યા બાદ જ કામ કર્યું હોત અને વીજપ્રવાહ ચાલુ કરવાની ઉતાવળ ન કરી હોત તો સદર અકસ્માત નિવારી શકાયો હોત.

# અકસ્માત - ૧૫



**અકસ્માત થનાર વ્યક્તિનું નામ :** શ્રી કનુભાઈ રૂપભાઈ વગાત

**હોદ્દો :** ઈલે.આસી.

**અકસ્માતનો પ્રકાર :** બિનપ્રાણઘાતક અકસ્માત

**ગામ :** ભાયલા

**અકસ્માતની તારીખ :** ૨૧/૦૭/૨૦૨૧

**સબડિવિઝન :** બાવળા-૧

**ડિવિઝન :** બાવળા, **સર્કલ :** સાબરમતી

**અકસ્માત થયેલ માળખાની વિગત :** પીએસસી પોલ

## અકસ્માતના બનાવની વિગત અને કારણ

અકસ્માતનો ભોગ બનનાર વ્યક્તિ શ્રી કનુભાઈ રૂપભાઈ વગાત, સરલા ખેતીવાડી ફીડર, ગામ-ભાયલા, શ્રી હાલુભાઈ રાઠોડના ટ્રાન્સફોર્મર સેન્ટર નજીક તૂટી ગયેલ વાયર રીપેર કરવા ગયેલ. સદર કામ કરવા માટે શ્રી કનુભાઈએ લાઈન ક્લિયર લીધેલ હતી અને ટ્રાન્સફોર્મરના બંને બાજુ આર્થિંગ કરેલ હતું. ધીમા વરસાદને કારણે પીએસસી પોલ પર આશરે ૮ થી ૧૦ ફૂટ ઉપર ચઢ્યા બાદ શ્રી કનુભાઈની પકડ છૂટી જતાં તેઓ નીચે પડી ગયેલ અને તેમના જમણા પગે ગંભીર ઈજા થયેલ.

## અકસ્માત નિવારણ માટેના ઉપાય

પોલ પર ચઢાણ કરતી વખતે ધ્યાન રાખવું જોઈએ.

**સલામતીના સાધનોનો તથા સુરક્ષાના નિયમોનું પાલન કરી કામગીરી કરીશું તો કંપની તથા પરિવારને ખુશહાલ રાખી શકીશું**

# અકસ્માત - ૧૬



**અકસ્માત થનાર વ્યક્તિનું નામ :** શ્રી કેતુલભાઈ બાબુભાઈ ગજ્જર
**હોદ્દો :** ઈલે.આસી.
**અકસ્માતનો પ્રકાર :** બિનપ્રાણઘાતક અકસ્માત
**ગામ :** બાવળા
**અકસ્માતની તારીખ :** ૨૨/૦૭/૨૦૨૧
**સબડિવિઝન :** બાવળા-૧
**ડિવિઝન :** બાવળા
**સર્કલ :** સાબરમતી
**અકસ્માત થયેલ માળખાની વિગત :** પીએસસી પોલ

## અકસ્માતના બનાવની વિગત અને કારણ

અકસ્માત નો ભોગ બનનાર વ્યક્તિ શ્રી કેતુલભાઈ બાબુભાઈ ગજ્જર તા.૨૨.૭.૨૧ના રોજ ફરિયાદનું નિવારણ કરવા માટે એલટી લાઈનના પોલ પર ચઢેલ. સદર પોલ ખૂબ જૂનો હતો. શ્રી ગજ્જર પોલની વચ્ચે પહોચ્યા ત્યારે સદર પોલ નીચેથી તૂટી ગયેલ. તેનાથી તેઓ ગભરાઈને નીચે કૂદી ગયેલ. અને તેનાથી તેમને બંને પગમાં ઈજા થયેલ.


## અકસ્માત નિવારણ માટેના ઉપાય

સમયાંતરે ઓવરહેડ લાઈનની ચકાસણી કરી જૂના તૂટી જાય તેવા જર્જરિત પોલનું સમારકામ કરવાથી આવા અકસ્માત નિવારી શકાય છે.



**ગમબૂટ, હેલ્મેટ, સેફ્ટી બેલ્ટ**
**રાખે સુરક્ષિત સો પ્રતિશત**

# અકસ્માત - ૧૭



**અકસ્માત થનાર વ્યક્તિનું નામ :** શ્રી ડામોર નવીનભાઈ રમણભાઈ
**હોદ્દો :** ઈલે.આસી.
**અકસ્માતનો પ્રકાર :** બિનપ્રાણઘાતક અકસ્માત
**ગામ :** અડાલજ
**અકસ્માતની તારીખ :** ૨૮/૦૯/૨૦૨૧
**સબડિવિઝન :** અડાલજ
**ડિવિઝન :** ગાંધીનગર શહેર
**સર્કલ :** સાબરમતી
**અકસ્માત થયેલ માળખાની વિગત :** સિટી ઓપરેટર મીટરનું ચેકિંગ

## અકસ્માતના બનાવની વિગત અને કારણ

અકસ્માતનો ભોગ બનનાર વ્યક્તિ તા.૨૮.૯.૨૧ ના રોજ એલટીએમડી વીજકનેક્શન ઉપર લાગેલ સિટી ઓપરેટર મીટરનું ચેકિંગ કરી રહ્યા હતા. એક્યુચેક મીટરનું વાયરિંગ કરતી વખતે ટીપીએન સ્વિચ નો "Y" ફેઝનો છેડો છૂટીને સ્વિચના ફેઝ ટર્મિનલ ને અડી જતાં ફ્લેશ ઓવર થયેલ અને ભોગ બનનાર વ્યક્તિ મોઢા,હાથ, ખભા અને છાતીના ભાગે બળી ગયેલ.


## અકસ્માત નિવારણ માટેના ઉપાય

એક્યુચેક મીટરનું વાયરીંગ કાળજીપૂર્વક કરવાથી તથા હેન્ડગ્લોવ્ઝ વગેરેનો ઉપયોગ કરવામાં આવે તો આવા આ પ્રકારના અકસ્માત નિવારી શકાય.

**જિંદગી છે કીમતી અમાનત,**
**રાખો એને સલામત**



# અકસ્માત - ૧૮



**અકસ્માત થનાર વ્યક્તિનું નામ :** શ્રી જે. જે. ચૌહાણ
**હોદ્દો :** લાઈનમેન
**અકસ્માતનો પ્રકાર :** બિનપ્રાણઘાતક અકસ્માત
**ગામ :** ધંધુકા
**અકસ્માતની તારીખ :** ૨૧/૧૦/૨૦૨૧
**સબડિવિઝન :** ધંધુકા
**ડિવિઝન :** બાવળા
**સર્કલ :** સાબરમતી
**અકસ્માત થયેલ માળખાની વિગત :** મીટર અને મીટર પેટી બદલવા

## ■ અકસ્માતના બનાવની વિગત અને કારણ

અકસ્માતનો ભોગ બનનાર શ્રી જે. જે. ચૌહાણ તા.૨૧.૧૦.૨૦૨૧ના રોજ મીટર અને મીટર પેટી બળી ગયેલની ફરિયાદનું નિવારણ કરવા માટે ગયેલ. મીટર પેટીમાં આગ લાગવાને કારણે ગ્રાહકે આગ ઓલવવા માટે પાણી છાંટેલ હતું અને તેથી મીટર આગળ કાદવ થયેલ હતો. ભોગ બનેલ વ્યક્તિ કેબલ લગાવવા માટે તેનો ઇન્સુલેશન દૂર કરતી વખતે જોર લગાવતા કાદવને કારણે લપસી ગયેલ અને જમણા હાથની કોણીના ભાગે ગંભીર ઈજા થયેલ.

## ■ અકસ્માત નિવારણ માટેના ઉપાય

કામ કરવાની જગ્યા પર પાણીનો ભરાવો થયેલ હોય તો તેની કાળજી રાખીને કામ કરતાં આ પ્રકારના અકસ્માત નિવારી શકાય.

**બેદરકારી અને ઉતાવળ છે દુશ્મન,**
**દૂર રહો એનાથી એ જ સાચી સમજણ**

# અકસ્માત - ૧૯



**અકસ્માત થનાર વ્યક્તિનું નામ :** શ્રી સતીસભાઈ બેચરભાઈ પટેલ
**હોદ્દો :** ઈલે.આસી.
**અકસ્માતનો પ્રકાર :** બિનપ્રાણઘાતક અકસ્માત
**ગામ :** નરોડા
**અકસ્માતની તારીખ :** ૦૨/૧૨/૨૦૨૧
**સબડિવિઝન :** નરોડા ઈન્ડ
**ડિવિઝન :** સાબરમતી
**સર્કલ :** સાબરમતી
**અકસ્માત થયેલ માળખાની વિગત :**
સિટીપીટી યુનિટના જમ્પરિંગ ખોલવાનું કામ

## અકસ્માતના બનાવની વિગત અને કારણ

અકસ્માતનો ભોગ બનનાર વ્યક્તિ શ્રી એસ.બી.પટેલ લાકડાની સીડી ઉપર ચઢીને સિટીપીટી યુનિટના જમ્પરિંગ ખોલવાનું કામ કરતાં હતા. અચાનક સીડી તૂટી જતાં આશરે ૮ ફૂટ ઉપરથી તેઓ નીચે જમીન પર પટકાઈ ગયેલ. જેથી પીઠ પર ઈજા થયેલ.

## અકસ્માત નિવારણ માટેના ઉપાય

કોઈ પણ પ્રકારના કામ કરતી વખતે ઉપયોગમાં લેવાતા ઉપકરણોની ચકાસણી કરીને વાપરવા જેથી આ પ્રકારના અકસ્માત નિવારી શકાય.

વીજ સુરક્ષાના નિયમોનું રાખીએ માન,
અકસ્માતમાં ન ખોઈએ જાન

**નિયમોનું પાલન, રાખે સુખી જીવન**

# અકસ્માત - ૨૦



**અકસ્માત થનાર વ્યક્તિનું નામ :** શ્રી વિનોદભાઇ ભીખાભાઈ પરમાર
**હોદ્દો :** ઈલે.આસી, બોપલ સબ-ડિવિઝન
**અકસ્માતનો પ્રકાર :** બિનપ્રાણઘાતક અકસ્માત
**ગામ :** ઘુમા
**અકસ્માતની તારીખ :** ૧૫/૦૨/૨૦૨૨
**સબડિવિઝન :** બોપલ
**ડિવિઝન :** બોપલ
**સર્કલ :** સાબરમતી
**અકસ્માત થયેલ માળખાની વિગત :** ગર્ડર પોલ

## અકસ્માતના બનાવની વિગત અને કારણ

અકસ્માતનો ભોગ બનનાર વ્યક્તિ શ્રી વી. બી. પરમાર ૬૬ કેવી બોપલ સબસ્ટેશનના શટડાઉન વખતે શ્રી એસ.કે.ભાવસાર લાઈનમેનના માર્ગદર્શન હેઠળ સમારકામ કરી રહ્યા હતા. તે માટે તેઓ ગર્ડર પોલ પર આશરે ૭ ફૂટ ઉપર ચઢ્યા પછી લપસી જતાં નીચે જમીન પર પટકાયેલ અને પગમાં ઈજા થયેલ.

## અકસ્માત નિવારણ માટેના ઉપાય

ગર્ડર પોલ પર ચઢાણ કરતી વખતે ધ્યાન રાખવું જોઈએ. કાળજીપૂર્વક કામ કરવાથી આ પ્રકારના અકસ્માત નિવારી શકાય.

સમજો બધાં સૂચનોને ધ્યાનથી,
બચી જશો જીવલેણ અકસ્માતથી

**નાની અમથી ભૂલ, બહુ ભારે પડશે એ ન ભૂલ**

# અકસ્માત - ૨૧



**અકસ્માત થનાર વ્યક્તિનું નામ :** શ્રી સાવનકુમાર રમેશભાઈ જમોડ
**હોદ્દો :** ઈલે.આસી.
**અકસ્માતનો પ્રકાર :** બિનપ્રાણઘાતક અકસ્માત
**ગામ :** ઝાંઝરકા
**અકસ્માતની તારીખ :** ૧૬/૦૩/૨૦૨૨
**સબડિવિઝન :** ધંધુકા
**ડિવિઝન :** બાવળા
**સર્કલ :** સાબરમતી
**અકસ્માત થયેલ માળખાની વિગત :** એલટી લાઇન

## અકસ્માતના બનાવની વિગત અને કારણ

અકસ્માતનો ભોગ બનનાર વ્યક્તિ શ્રી સાવન રમેશભાઈ જમોડ તા.૧૬.૩.૨૦૨૨ના રોજ શ્રી વી. જી. મકવાણા સાથે ઝાંઝરકા ગામમાં લાઈટની ફરિયાદના નિવારણ અર્થે ગયેલ. પેટ્રોલીંગ દરમ્યાન એલટી લાઇનનું એક જંપર બળી ગયેલ માલૂમ પડેલ. સૌ પ્રથમ શ્રી વી જી મકવાણા ટ્રાન્સફોર્મર સેન્ટરના ડીઓ ફ્યુઝ દૂર કરી ત્યાં જ હાજર રહેલ અને ભોગ બનનાર વ્યક્તિ બધા જ સલામતીના સાધનો સાથે એલટી પોલ પર ચઢેલ. ચઢ્યા બાદ સેફ્ટી બેલ્ટનો હૂક ફિટ કરવા જતાં તેમનો પગ લપસી ગયેલ અને જમીન પર પટકાયેલ અને ખભા પર તથા પીઠના નીચેના ભાગે થોડી ઈજા થયેલ.

## અકસ્માત નિવારણ માટેના ઉપાય

પોલ પર ચઢાણ કરતી વખતે ધ્યાન રાખવું જોઈએ અને કાળજીપૂર્વક કામ કરવાથી આ પ્રકારના અકસ્માત નિવારી શકાય.

**જીવનનું મૂલ્ય સમજીએ, સજાગ રહીને કામ કરીએ**

# અકસ્માત - ૨૨



**અકસ્માત થનાર વ્યક્તિનું નામ :**
બરંડા સવજીભાઇ જીવાજી અને ભગોરા ભૂપેન્દ્રભાઈ શંકરભાઇ
**હોદ્દો :** ઇલેક્ટ્રિકલ આસિસ્ટન્ટ
**અકસ્માતનો પ્રકાર :** બિનપ્રાણઘાતક અકસ્માત
**ગામ :** આંબાબાર
**અકસ્માતની તારીખ :** ૨૧/૦૯/૨૦૨૧
**સબ ડિવિઝન :** ભિલોડા-૨
**ડિવિઝન :** ભિલોડા
**સર્કલ :** હિંમતનગર
**અકસ્માત થયેલ માળખાની વિગત :** ટ્રાન્સફોર્મર સેન્ટર


## અકસ્માતના બનાવની વિગત અને કારણ

આંબાબાર ગામના રાઠોડ નટવરસિંહ ધુતારસિંહ દ્વારા ખેતી વિષયક વીજ જોડાણની વીજ મોટર બંધ હોવાની ફરિયાદ ટેલિફોનિક મળતા બંને કર્મચારી બરંડા સવજીભાઇ જીવાજી અને ભગોરા ભૂપેન્દ્રભાઈ શંકરભાઇ સદર ફરિયાદનું નિવારણ કરવા સાથે ગયેલ. બંને કર્મચારી દ્વારા સલામતીના નિયમોનું સંપૂર્ણ પાલન કરી ટ્રાન્સફોર્મરના ડીઓ ઉતારી યોગ્ય અર્થિંગ કરી કામ કરતાં હતા પરંતુ તે દરમ્યાન અચાનક ક્ષણિક સમય માટે પાવર આવેલ હોઈ બંને કર્મચારીઓ ને બિનપ્રાણઘાતક અકસ્માત નડેલ અને જેની જાણ નાયબ ઇજનેર ને થતાં પ્રાથમિક સારવાર માટે અમદાવાદ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવેલ.

## અકસ્માત નિવારણ માટેના ઉપાય

1. દરેક કર્મચારી દ્વારા જો કામ કરતા લોકેશનને છોડીને બંને બાજુ યોગ્ય અર્થિંગ કરવામાં આવે તો આવા અકસ્માત નિવારી શકાય.
2. વીજ સુરક્ષાના સાધનોનો હંમેશા ઉપયોગ કરવો.
3. ટ્રાન્સફોર્મરના ડીઓ ઉતારી યોગ્ય અર્થિંગ કરી કામ કરવુ.

# અકસ્માત - ૨૩



**અકસ્માત થનાર વ્યક્તિનું નામ :** પરમાર કલ્પેશ પી.
**હોદ્દો :** ઇલેક્ટ્રિકલ આસિસ્ટન્ટ
**અકસ્માતનો પ્રકાર :** બિનપ્રાણઘાતક અકસ્માત
**અકસ્માતની તારીખ :** ૦૭/૦૬/૨૦૨૧
**ગામ :** દોતડ, **સબ ડિવિઝન :** ખેરોજ
**ડિવિઝન :** ઇડર, **સર્કલ :** હિંમતનગર
**અકસ્માત થયેલ માળખાની વિગત :** ૧૧ કેવી કાલાકુવા એજી ફીડર

## અકસ્માતના બનાવની વિગત અને કારણ

૬૬ કેવી ગોલવાડા સબ-સ્ટેશન ના ૧૧ કેવી કાલાકુવા એજી ફીડરના ફીડર ફોલ્ટ દરમિયાન સ્વીચ લોકેશન નંબર ૧૪/૮ અલગ કરવામાં આવ્યો હતો અને ફીડર એટેન્ડ કરવામાં આવ્યો હતો તે સમયે તે જ સ્વીચ ફરીથી કનેક્ટ કરતાં ફીડરમાં ફરી ફોલ્ટમાં જવાથી લોકેશન નંબર ૧૪/૫૨ નું જમ્પર પીડિત દ્વારા દૂર કરવામાં આવ્યું હતું અને સ્વીચ સ્થાન નંબર ૧૪/૮ ફરીથી કનેક્ટ કરવામાં આવેલ અને ફીડર ફરીથી ફોલ્ટમાં ગયેલ તેથી પીડિતના સાથીદાર શ્રી એન. પી. રાવલે ખામીયુક્ત ડિસ્ક ઇન્સ્યુલેટર સ્થાન નંબર ૧૪/૫૧ બદલ્યુ અને ત્યારબાદ પીડિતના સાથીદારે સ્વીચને ફરીથી કનેક્ટ કરેલ અને ફીડર સંપૂર્ણ રીતે ચાલુ થઈ ગયેલ હતું પીડિત લોકેશન નંબર ૧૪/૫૨ નું જમ્પર જે અગાઉ કાપેલ હતું તેને રીજમ્પર કરવા માટે શૅકલ પોલ પર ચઢેલ પરંતુ ફીડર ચાલુ છે કે બંધ તે કોઈ જ પ્રકારની ખાતરી કરવામાં આવેલ નહીં. વ્યક્તિ/સહકાર્યકર સાથે ખાતરી કર્યા વિના લાઇન પર ચઢતા કરંટ લાગેલ અને દાઝી ગયેલ.

## અકસ્માત નિવારણ માટેના ઉપાય

1. દરેક લાઇન સ્ટાફને લાઇન પર કોઈ પણ પ્રકારનું કામ કરતાં પહેલા સેફ્ટી માટેના બધાજ નિયમોનું પાલન કરવા તેમજ બન્ને બાજુ એર્થિંગ કરી ને જ કામ કરવા માટે સખત સૂચના આપવામાં આવેલ છે.
2. વીજ સુરક્ષાના સાધનોનો હંમેશા ઉપયોગ કરવો.

# ''આપ હૈ તો સબ કુછ હૈ વરના કુછ ભી નહીં''

મિત્રો,

ઘણીવાર થોડીક ઉતાવળ કે બેકાળજી અકસ્માતને આમંત્રણ આપે છે, પરંતુ અકસ્માત થયા પછી તમારા પરિવાર ઉપર શું વીતે છે, એ વિશે વિચાર કર્યો છે ખરો? આવી જ એક સત્ય ઘટના મારી નજરે જોયેલી અત્રે પ્રસ્તુત કરું છું.

આજથી લગભગ ૨૦ વર્ષ પહેલાંની આ વાત છે. તે સમયે હું સબ ડિવિઝનમાં જુનિયર ઈજનેર તરીકે કામ કરતો હતો. એક વખત લાઈન ઉપર કામ કરતી વખતે અમારા લાઈન સ્ટાફનો એક ભાઈ પોલ ઉપરથી નીચે પટકાયો અને અકસ્માત થયો. તાત્કાલિક એ ભાઈને હોસ્પિટલમાં દાખલ કર્યો. સદનસીબે નોનફેટલ અકસ્માત હતો, પરંતુ તેનો એક હાથ કાપવો પડ્યો. તે સમયે અમારા નાયબ ઈજનેર સાહેબે સૂચના આપી કે આ ભાઈને ફેમિલીને તાત્કાલિક હોસ્પિટલમાં લઈને આવો કે જેથી તેનું ફેમિલી ચિંતા ન કરે.



હું તથા લાઈન સ્ટાફના બે મિત્રો ઓફિસની ગાડી લઈને તે ભાઈના ફેમિલીને લેવા, તે જ્યાં રહેતો હતો તે ગામે પહોંચ્યા. અમે તેના ઘર આગળ પહોંચ્યા તે સમયે તે ભાઈના પત્ની ઘરની બહાર કામ કરી રહ્યા હતા. તે બહેને જ્યારે અમને જોયા પણ અમારી સાથે એમના પતિ નહોતા

**વીજળીનાં જોખમોથી સતર્ક રહીએ, અકસ્માતથી બચીએ**




એટલે બહેનને મોટો ધ્રાસકો પડ્યો કે સવારે તો એ ઓફિસ ગયા છે તો અત્યારે કેમ નહીં? પછી મેં બહેનને સહજભાવે કહ્યું કે બહેન ભાઈને જરા લાઇન ઉપર કામ કરતાં કરતાં... આટલું કહ્યું તેટલામાં તો બહેન ધ્રૂસકે ધ્રૂસકે રડવા લાગ્યા. મેં બહેનને બહુ જ સમજાવ્યા કે બહેન રડશો નહીં ભાઈને થોડું જ વાગ્યું છે અને તેમને દવાખાને દાખલ કર્યા છે, તમે ચિંતા ન કરો એટલે અમે તમને લેવા આવ્યા છીએ. બહુ જ સમજાવટ પછી બહેન શાંત થયા અને કહે કે સારૂ સાહેબ હું ઘરમાં જઇને નાસ્તા-પાણી લઈને આવું છું.

અમારી આ વાતચીત દરમિયાન આ ભાઈનો એક નાનો ૮-૯ વર્ષનો બાબો ઘરના આંગણે રમતો હતો અને અમારી આ વાત સાંભળતો હતો. થોડીવારમાં તે બાબો દોડતો મારી પાસે આવ્યો અને મને એક જ પ્રશ્ન કર્યો કે, કાકા મારા પપ્પાને શું થયું છે? હું એકદમ ચમકી ગયો. આ નાનું બાળક શું સમજે? મને એવું લાગ્યું કે જાણે મારો બાબો બોલી રહ્યો છે. મેં તેના માથે હાથ ફેરવી સમજાવ્યો કે બેટા ચિંતા ન કરે તારા પપ્પાને જરાક જ વાગ્યું છે. નાનું બાળક મારૂ કહેવું માનીને પાછું રમવામાં લાગી ગયું. એટલીવારમાં બહેન ઘરમાંથી આવી ગયા અને અમારી ગાડીમાં બેસી ગયા. હવે અમે જેવી ગાડી સ્ટાર્ટ કરી કે તુરત જ પેલો બાબો દોડતો મારી પાસે આવ્યો. તેના હાથણાં એક નાનો કાગળ હતો. આવી ને મને કહે, કાકા, આ મારા બાજુવાળા કાકાનો ટેલીફોન નંબર છે, (તે જમાનામાં મોબાઇલ નહોતા) તમે દવાખાને જઇને મને પપ્પા સાથે વાત કરાવજો ને.

વિચારો મિત્રો, તમારી થોડીક ઉતાવળ બેકાળજી કે ગેરસમજ કેવાં ગંભીર પરિણામ લાવી શકે છે.

**- શ્રી એસ.બી. લીમ્બાચીયા,**
નાયબ ઇજનેર (રીટાયર્ડ) આરએઓ,
મહેસાણા

**પાલન નિયમોનું ચુસ્તપણે કરીએ, અકસ્માતથી હંમેશાં બચીએ**

# થોડીક જાગૃતતા, જિંદગીભરની સલામતી


## વીજ અકસ્માત નિવારણ ઉપાયો



કપડાં સૂકવવા માટે કે પ્રાણીઓને બાંધવા માટે વીજળીના થાંભલા કે ધાતુના તારનો ઉપયોગ ન કરવો.




વીજ લાઈનની નીચે કે તેના થાંભલા નજીક બાંધકામ કરવું નહિ.




વીજ લાઈનના તૂટેલા તારને અડકવું નહિ.



વીજળીના તારમાં અટવાયેલા પતંગને તાર, લોખંડ કે ધાતુના સળીયાથી કાઢવાની કોશિશ કરશો નહિ.



વીજ લાઈન નીચે વાહનો ઉભા ન રાખવા.



વીજ લાઈનો ઉપર લંગર નાંખી વીજપ્રવાહ લેવો નહિ.



ભીના હાથે વીજ સાધનો કે સ્વીચને અડકવું નહિ.



મીટર બોક્ષ સાથે કોઈ પણ પ્રકારના ચેડા ન કરવા.




આપના બાળકોને વીજ પ્રવાહ અથવા સ્વીચથી દૂર રાખો.



વિશ્વાસ કરો વીજ સુરક્ષાનો, નસીબનો નહીં ઈ.એલ.સી.બી. લગાવો વીજ અકસ્માત નિવારો.

# કર્મચારીઓની સુરક્ષા પ્રથમ, બનાવે યુજીવીસીએલને સક્ષમ







સાતત્યપૂર્ણ, વિશ્વસનીય અને ગુણવત્તાસભર વીજ પુરવઠો પૂરો પાડવા સમર્પિત...

UGVCL

## ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ
## મહેસાણા

CIN- U40102GJ2003SGC042906